# પ્રકરણ – ૫

# 'રાઠોર વારતા' લોકમહાકાવ્ય તરીકે મૂલ્યાંકન

- ડુંગરી ભીલોમાં વેર લેવાની પ્રણાલી
- માહિતીનું સ્થળ
- કેશરી રાઠોડ
- ધાંધલરાજા
- કાળું ખેંસી
- પાબુ–ચાંદો રાઠોડ
- અળખું અને રાઠોડ
- શૂરો અને સજમોલ
- જેદરો ખેંસી
- દેવોલ
- ઝળરો કુંવર

# પ્રકરણ – ૫

# ‘રાઠોર વારતા’ લોકમહાકાવ્ય તરીકે મૂલ્યાંકન

ઉતર ગુજરાતમાં રાજસ્થાનની સરહદે વસતા આદિવાસીઓ પાસે સાહિત્યની મૌખિક, કળાત્મક પરંપરાઓ છે. આ લોકપરંપરા ઓ અહીં પણ આવ જા કરતી રહી છે. સાબરકાંઠા જિલ્લાના ડૉ. ભગવાનદાસ પટેલે ‘રાઠોર વારતા’ નું સંપાદન કર્યુ છે. આમ તો એ રાજસ્થાની પાબૂજી પવાડાનું રૂપાંતર છે. આ લોકમહાકાવ્યના ગાયક નાથાભાઈ ભૂરાભાઈ ગમારની સાથે વર્ષની તપસ્યા બાદ સર્જકે ૪૫ જેટલી કેસેટ્સ તૈયાર કરીને આ ગ્રંથ પ્રકટ કર્યો. આ ગ્રંથને પ્રગટ થયેલો જોવાની તીવ્ર ઝંખના ‘રાઠોર વારતા’ ના સહાયક ગાયિકા સાંકળીબહેનને હતી. તે પૂછતા મારાં ભજનોની ચોપડી થશે કે ? પૂછતાં પૂછતાં જ તેમણે તો આંખો મીંચી દીધી. આ કથામાં કયાંક ભજનો પણ આવે છે. આ રાઠોરવારતાનું સંપાદન કરીને ભગવાનદાસ પટેલે સાર્થક કરી આપ્યું કે આ આદિવાસી પ્રજા ભારતમાં હજારો વરસોથી ચાલી આવેલી કથા પરંપરા જાણે છે. પણ એમને મન આ માત્ર મનોરંજન નથી, જીવન જીવવાની રીત છે.

## ડુંગરી ભીલોમાં વેર લેવાની પ્રણાલી :

ભીલ આદિવાસીઓમાં વેર લેવાની પુરાણી પ્રણાલીકા છે. આ પ્રથા તેમના જીવનરીતિ સાથે અન્ય ભાવે જોડાયેલી છે. તેમની વેર ભાવના પેઢી દર પેઢી ઉતરે છે. આ કથામાં પણ મારેલા સ્વજનનું વેર લીધા પછી જ તેમના મનને શાંતિ થાય છે. વેર કુટુંબ સાથે આગળ પણ ચાલે છે, સામે સામે તે વ્યકિતને મારે પછી જ વેરની સમાપ્તિ થાય છે. અંતે બંને પક્ષ માન્ય રાખે તો વેરને વૃક્ષના થડમાં દાટી દેવામાં આવે છે અને સામસામે ગોળ ખવડાવીને વેરીની સમાપ્તિ કરવામાં આવે છે.

## માહિતીનું સ્થળ :

‘રાઠોર વારતા’ નામની ભજન વારતા એ સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા તાલુકાના ખેડવા ગામમાંથી ધ્વનિમુદ્રિત કરેલ છે. સામાન્ય રીતે રોજબરોજના જીવનમાં ભજન ગાવા માટે રાતનો નવરાશનો સમય ખાસ પસંદ કરવામાં આવે છે. રાતે ખાઈ–પી અને કામથી પરવરીને

લોકો ભજન સાંભળવા, ગાવા અને નાચવા માટે 'સાધ' (સાધુ) ના ઘેર આવવા લાગે છે. લોકસમુદાય એકઠો થયા બાદ ભગવાનના નામનો ઘીનો દીવો કરે છે. આ દીવાની સન્મુખ નાળિયેર વધેરે છે અને માટીના થાપળા પર મૂકેલા અગ્નિમાં લીલા ટોપરાનો હોમ કરે છે. ભેગા થયેલા લોક સમુદાયને ટોપરાનો પ્રસાદ વહેંચવામાં આવે છે. આવા પ્રકારની વિધિથી એક પ્રકારનું ધાર્મિક વાતાવરણ સર્જાય છે.

સામાન્ય રીતે સાધુ, બાણિયા, હોકારિયા બધા સાથે મળી લયાત્મક ગદ્યમાં વારતા માંડે છે. રાઠોર વારતા ખૂન કર્યા પછી 'હૂરો' માંડની વખતે ગવાની હોવાના કારણે, જે પ્રસંગ સાથે નૃત્ય જોડાયેલું હોય શકે છે. નૃત્યના થેકા જોરજોરથી 'રિવરિઓ' (કિકિયારીઓ) પાડે છે. આવા જીવતા જીવન સાથે જોડાયેલી ઘટના સાથે જે તે પ્રસંગથી રજૂઆત જીવંત બની પરાકાષ્ટાએ પહોંચે છે.

આ ઉપરાંત કથાનું સ્વરૂપ ઘડવામાં અને કથાને મૂળ સ્વરૂપે બહાર લાવવામાં ગાયકનાં પોતાનાં મનોવલણો પણ ભાગ ભજવે છે. આમ ભજન વારતાનો સાધુ અને શ્રોતાઓ યોગ્ય પ્રસંગના વાતાવરણ વચ્ચે એકબીજા સાથે માનસિક રીતે જોડાયેલા હોય છે. અને બંનેના મનોવલણો ભજન વારતા કે મહાકાવ્યના કલાત્મક સ્વરૂપને ઘડવામાં અગત્યનો ભાગ ભજવે છે. આમ રાઠોર વારતા ખરેખર રસાત્મક શૈલી જેવી છે. હવે શું થશે ! તે જાણવાની જીજ્ઞાસા થતી રહે અને આનંદ સાથે ધીરજ પૂર્વક વાંચન થાય ખૂબ જ રસ પડે એ પ્રકારની આ વાર્તા છે. બે જુદા જુદા રાજવંશ છે, ગુજણિયા અને જાયેરિયા ગઢમાં કાળુ ; દુકાળને કારણે ઘાંઘલ રાજાને ત્યાં આશ્રય લે છે. અહીંથી લોકમહાકાવ્યની પહેલી પાંખડીની શરૂઆત થાય છે. જેમ જેમ પાંખડીઓ ખીલી પુષ્પ બને તેમ આ વાર્તાનો રસાનંદ આગળ વધે છે.

## કેશરી રાઠોડ :

સતજુગની વારતા કળિયુગનાં માનવી વાંચે છે, અને ભરી સભા સાંભળે છે. વારતા વાંચે છે રાઠોડ કુળની કેશરી રાઠોડ વાદળમહેલમાં ભર નિદ્રામાં સુતા છે. તેને જોઈને મોટાભાઈ ધાંધલ રાજાની પત્ની મોરચંગ રાણી કહે છે, ''દિયર, ખેડૂતના દિકરા છીએ, માથે ચોમાસુ ગાજી રહયું છે અને તમને ઘોર નિદ્રા કેમ આવી છે ? આપણાં કૂરિયાં ખેતરો ભીંજાઈ રહયાં છે. ઝટ જાવ બળદો જોડો અને ખેતરે જાવ, ''ભાભીનાં વચન સાંભળીને કેશરી રાઠોડ જબકીને

બેઠો થાય છે. ભાભી, ઝટઝટ બીજ આપો, હું ખેતરમાં બીજ વાવવા જાઉ છું. ભાભી કોઠીના સુકાયેલા દાટા ખોલીને ફૂરી બંટીના બીજ કાઢી આપે છે.

કેશરી રાઠોડ મારગે મારગે થતા ખેતરે જાય છે. બીજ ખેતરને શેઢે મૂકીને બળદોની કાંધ ઉપરથી હળ ઉતારી હળ જોડે છે. હળથી જેવો ખેતરમાં પહેલો ચાસ કાઢે છે કે તરત જ જમીનમાંથી તંબૂર બહાર આવે છે. બીજા ચાસે રામની માળા અને ત્રીજા ચાસે સોનાનાં ધૂપાયણાં દેખાય છે. કેશરી રાઠોડ ભકિતની બધી વસ્તુઓ ચોખ્ખી કરીને ખેતરને શેઠે મૂકે છે. અને વિચારે છે કે, ભકિતમાતા સામે ચાલીને આવેલાં જોઈને બળદોની કાંધ ઉપરથી ધૂંસરી નીચે મૂકે છે. બળદોની નાથ અને મોંયરી કાઢી નાખે છે. બળદોને પંપાળીને મીઠો હાથ ફેરવીને કહે છે, કે આપણું લેણું પુરુ થયું. આજ સુધી આપણે ઘણું કમાવી આપ્યું. અમે બદલામાં તમને ઘણું દુઃખ આપ્યું, તમને લાકડી મારી હશે, માફી માંગતા કેશરી રાઠોડ બળદને આશિષ આપતા કહે છે તમે તમારા કર્મ પ્રમાણે જીવી ખાજો. કાળા બળદ, તું વનનો રાજ થજે. તારાથી વન દીપી ઉઠશે ! ધોળા બળદ, તું વનનો રોઝ થજે. તારાથી વન દીપી ઉઠશે ! ધોળા બળદ, તું સાંઢ થઈને ગાયોમાં ટોળામાં ફરજે, તારાથી ગાયોના ટોળા શોભી ઉઠશે ! ''કેશરી રાઠોડ બંને બળદોને મુકત કરે છે. બળદો વનમાં જવા લાગ્યા છે.

કેશરી રાઠોડ ભકિતની સામ્રગી એકડી કરીને તેને પોતાના માથાનો સાફો ઉતારીને સાફ કરે છે. આસપાસના ખેતરમાંથી છાણાં વીણી ધૂણી ધખાવે છે, ને તંબૂર લઈને ભજન કરે છે.

ભરબપોરે મોરચંગ રાણી રોટલાનું ભાત લઈને આવે છે. ખેતરમાં બળદો દેખાતા નથી. દિયર ભજનમાં લીન થયો છે. ભાભી મનમાં વિચારે કરે છે, ચોમાસું માથે ગાજે છે અને આ દુશ્મને ખેતર ખેડવાનું છોડીને ભકતાણું પકડીયું ? ભાભી ગુસ્સામાં કડવા વચન કહે છે, કામ નહીં કરે અને ભકિત જ કરતો રહીશ તો ભકિત તને રોટલો નહીં આપે. આ તો માગણ–ભીખારીનું કામ છે, આપણે તો મોટાં લોક ! તંબૂરો હાથમાં લઈએ તો લાજી મરિયે ! કેશરી રાઠોડ કાન દઈને ભાભીના મેણાં સાંભળે છે. તેની આંખમાંથી આંસુની ધારાઓ વછૂટી છે. થોડો શાંત થઈને કહે છે, ''હે ભાભી ! મારા ભાઈ, ધાંધલ રાજાનો ક્ષેમકુશળ રાખજો અને તેનું જીવની માફક જતન કરજે ! આજતી અમે માજણ્યા બંને ભાઈની જોડી તૂટી ગુજણિયાગઢના લોકોની દેખભાળ કરજે. અને મારા ગુજણિયાગઢ, ક્ષેમકુશળ રહેજો કેશરી રાઠોડ ગુજણિયા

પાછા નહીં ફરવાની પ્રતિજ્ઞા કરીને કાયમ માટે અન્નજળ છોડીને ચાલ્યા જાય છે.

ભાભી રીસાયેલા દિયરને મનાવવા યથાર્થ પ્રયત્નો કરે છે પણ કેશરી રાઠોડ પાછા ન ફરતા કાશીમાં જઈ કરતવ મૂકાવે છે તે હરિની માળા ફેરવે છે, અને ધીમે ધીમે કરવતિયો કેશરીનાં ડાબાં–જમણાં અંગો વહેરીને જુદા પાડા લાગ્યો છે. શરીરમાંથી લોહીનાં છાંટા ઉડવા લાગ્યા છે, અને રાઠોડ કહેવાયા ઘરના વાઘ ! રાઠોડ કહેવાયા દેશના દીવા ?

## ધાંધલરાજા :

ગુજણિયાગઢમાં ધાંધલરાજા રાજ કરે છે અને જાયેરિયા ગઢમાં કાળુ ખેંસી રાજ કરે છે. એક દિવસનો 'સમાજોગ' આવ્યો છે અને 'સમાજોગ' નો મહાજોગ આવ્યો છે. જાયેરિયામાં ભીષણ (ડમરું) કાળ પડયો છે. નવાણે નીર સૂકાઈને સાત પાતળ નીચે ગયાં છે. એવામાં ગુજણિયાગઢમાં ધાંધલ રાજાને ત્યાં આશરો લેવા કાળું ખેંસી આવે છે ''હે રાજા ! કાળનો ભાગેલો અને વખાનો મારેલો તમારી કચેરીમાં આવ્યો છું. ધરતીએ અમી છોડી દીધું છે. સ્ત્રીઓએ નાનાં બાળકો છોડી દીધાં છે ગાયોએ વાછરડાં છોડી દીધાં છે. બધી ગાયો એક સાથે મરવા પડી છે. હે રાજન ! આવા કપરા કાળમાં કેમ કરીને જીવવું ? સુકાળને લીધે તમારી સીમ રળિયામણી લાગે છે. ફૂલો પર કાળી પાંખોના ભમરા ગુંજે છે ઝેંઝણિયા ઝોડમાં ડોડિયો બરુ હિલોળા લે છે. હું તો ગાયો માટે ઘાસચારો જોવા તમારા દેશમાં આવ્યો છું. અમારા નવલાખ ગાયોના ટોળા મરવા પડયા છે.'' ધાંધલ રાજા કાળું ખેંસીની વાત સાંભળ્યા પછી કહે છે. ''કાળું ખેંસી, ગાયોના નવલાખ ટોળા લઈને અહીં ગુજણિયે આવતો રહે. મારા ઘાસથી ભરેલા ઝેંઝણિયાઝોડ અને પીવા માટેની દીપાવલીનાડીઓ આજથી તને આપું છું. અહીં ગાયોને પાણી પાજે અને મજા કરજે. તારા દેશનાં માનવીઓને મરવા દઈશ નહીં. બધાંને લઈને ઝટઝટ અમારા દેશમાં આવતો રહે. તારા દેશમાં સુકાળ આવે ત્યારે સુખેથી પાછો જજે. આમ કાળુ ખેંસી ખુશ થતો ઘોડે સવાર થઈને ઝાયેરિયા ભણી જવા લાગ્યો છે.

કાળું ખેસી વાદળમહેલમાં આવે છે, અને પોતાની રાણી ગૂગળ સતિયાણીને ગુજણિયામાં પડેલ સુકાળની વાત કરે છે. પછી સરદારોને બોલાવી કચેરી ભરીને બધાને આદેશ આપે છે, કે આપણે જીવતા રહેવા માટે ઝટઝટ ગુજણિયાગઢ જતા રહીએ.

કાળના મારેલા ખેંસીઓ ઉચાળા ભરીને ગુજણિયામાં આવવા લાગ્યા છે. ગુજણિયાના

ગાંદરે પડાવ નાખ્યો છે. અને ઝેંઝણિયા ઝોડમાં ગાયો ચારવા લાગ્યા છે. દીપાવલી નાડીએ નવલાખ ગાયોના ટોળા પાણી પાપ છે. ખાય છે – પીએ છે અને મજા કરે છે ખેંસી છ–આઠ મહિના ગુજણિયામાં રહે છે. જેઠ–અષાઢ ચોમાસાના મહિના નજીક આવે છે. વાદળા ગડગડાટ કરે છે. જીણા મેઘ વરસવા લાગ્યા છે. ધરતી ભીંજાવા લાગી છે. યેરિયામાં પાછો સુકાળ આવ્યો અને કાળું ખેંસી નવલાખ ગાયોને લઈને ફરી જાયેરિયામાં જવા લાગ્યો છે.

અહીં ગુજણિયાગઢમાં દૂબળો માળી અને મનસા માળણ રહે છે. એક દિવસ દૂબળો માળી હાથમાં ધારદાર કુહાડી લે છે અને મનસા માળણ મરવાની ઉઢાણી માથે મૂકે છે. તેઓ મારગે ચાલતાં વનખંડમાં આવે છે. આખો દિવસ લાકડાં શોધતાં જ દિવસ આથમી જાય છે, ‘બંન પતિ–પત્ની વિચારે છે કે, આપણને સુકાયેલા લાકડા મળ્યા નથી, જેથી અહીં જંગલમાં જ રાતવાસો કરી વહેલી સવારે લાકડાં કાપીને મોટા ભારા બનાવી પછી નગરમાં જઈને વેચી ખાશું.’’

બંને ત્યાં રાતવાસો કરે છે તેને રાત્રીના ભૂખે સૂતેલા માળી ઉપર મહાદેવને દયા આવે છે. માળીને સપનામાં આવીને કહે છે, ‘‘માળી તું તો ખેડૂતનો દીકરો છે. લાકડાના ભારા વેચવાનું તારું કામ નથી. ખેતી કરીશ તો જ જીવતો રહીશ ! ખેતી કર અને ફૂલોની વાડી સજાવ. માળીના દીકરા, ફૂલ વેચી ખા. તને ભવોભવ પ્રસન્ન થયો છું ! પણ હા, તારી વાડીનાં ફૂલોની માળા જયારે ગૂંથે ત્યારે સૌથી પહેલા મને ચડાવજે. ફૂલોની પહેલી ચોથ મને આપજે. પછી તારા રાજા ધાંધલને ફૂલોનો હાર પહેરાવજે રાજા તરફથી મોટો પુરસ્કાર મળશે. આ પછી આખા ગામમાં ફૂલ વેચજે. તારો દિવસ વળશે. તું મારા બોલ પાળજે. ખાજે પીજે અને મજા કરજે. ‘‘મહાદેવની વાત સાંભળી બાજુમાં સૂતેલી પોતાની પત્નીને જગાડીને મહાદેવની વાત કરે છે, માળણ માનતી નથી પણ મહાદેવ સપનામાં આવ્યાં તે વાત મનસા માળણને ગળે ઉતરતી નથી.

થોડીવારામાં વનમાં પીળું પ્રભાત થાય છે. સૂરજ ઊગતાની સાથે બંને ઘર તરફ પાછા ફરે છે, બંને ગુજણિયામાં આવીને કણબી પાસેથી જમીન લઈ સુંદર બાગ બનાવે છે, અને વાણિયાને ત્યાંથી વાવવા માટે બીજ લાવે છે. માણળ કયારામાં પાણી સીંચે છે. બીજને ફણગા ફૂટવા લાગ્યા છે. ધીમે ધીમે ફૂલછોડ થાય છે. વાડીમાં છોડ અને વૃક્ષો પર જાસૂદ, કેવડા,

મરવા, મોગરા, ચંપા અને રાતરાણીના ફૂલો ખીલે છે. માળીનો બાગ ફૂલોની ફોરમથી મહેંકી ઉઠયો છે. ભમરા ગૂંજન કરવા લાગ્યા છે. પશુ, પક્ષી, પોપટ ઉડતા જોવા મળે છે. કોયલ ટહુકા કરે છે. માળીનો બાગ ઘણો રૂડો દેખાય છે.

એક દિવસનો 'સમાજોગ' આવ્યો અને 'સમાજોગ' નો 'મહાજોગ' આવ્યો. પતિની વાત વિસરી ગયેલી મનસા માળણ મહાદેવને વાડીનાં પ્રથમ ફૂલ ચડાવવાનું ભૂલી ગઈ અને સોળૈયો શણગાર સજીને મોટા પુરસ્કારની લાલચે ધાંધલ રાજાને પ્રથમ ફૂલનો હાર ગૂંથીને ચડાવી આવી. વનખંડમાં મંદિરમાં બેઠેલા મહાદેવ વિચારે છે, ''આ માળી અને માળણના ભાગ્યાનો ભેરુ હું થયો અને તેઓ મને જ ભૂલી ગયાં ! હવે જો આ મહાદેવના ખેલ !''

મહાદેવ સૂવરનો વેશ લે છે અને માળીના લીલા કાચ બાગમાં આવે છ. ચંપા, કેવરા, જાસૂદ અને 'જવલી' ના ઝાડ ઉખેડવા લાગે છે. આવેશમાં આવેલો સૂવર ફૂલોથી લચી પડતો બધો બાગ ભેળી નાખીને ઝાડવાના મૂળતો આસમાન સામે કરે છે, અને થડ અને ડાળાં પાતાળ તરફ કરે છે. તે આખો બાગ ઉજાડે છે. આખા બાગની વચ્ચે ચંપાનું એક ઝાડ ઊભું રહેવા દે છે અને તેના થડમાં એક બખોલ ગોડે છે. સૂવર આરામથી આ બખોલમાં લપાઈને સૂએ છે.

વહેલી સવારે મનસા માળણ ઝબકીને બેઠી થાય છે. તેણી ઓળિયે ઓળિયે દીવા મૂકે છે. માળણ બાગમાં ફૂલ વીણવા માટે સોળૈયો શણગાર સજે છે. એક હાથમાં સોનાની છાબ લે છે બીજા હાથમાં ફૂલ પાડવા અંકોડો લે છે. મનસા માળણ શણગાર સજી ઠમકે ઠમકે વાડીએ આવે છે. પણ વાડી નજીક આવીને જુએ છે તો વાડી જેવું કંઈ પણ નજરે પડતું નથી. બધાં વૃક્ષો આડાં પડી ગયાં છે. બાગ આખો ઉજ્જડ વેરાન થઈ ગયો છે. માળણ વિલાપ કરતી ગુજણિયાગઢમાં ધાંધલ રાજા કચેરી ભરીને બેઠા છે, ત્યાં આવી સૂવર વિષેની વાત કરે છે. માળણની વાત સાંભળીને રાજા સરદારોને સાબદા કરે છે. સરદારો હવે જરાયે ઢીલું ન મુકશો, વીરપુરષોની વાત આવી છે. ઝટ જઈએ તલવારો અને બંદૂકો સજાવો. આપણે સૂવરના શિકારે જઈએ.

બધા ગુજણિયાગઢની સીમમાં આવે છે. રાજા સાથે આવેલા લોકો અને સરદારોને કહે છે, ''હે નગરજનો ! સરદારો ! તમે મારા દિલની વાત સાંભળો આપણે 'હાકો' (કિકિયારીઓ) કરીને સૂવરને ચારે દિશાથી ઘેરી લઈએ, તમે કોઈ બંદૂકરનો ભડાકો ન કરશો સૂવરને મારે જાતે

જ મારવો છે, મારીને મારી રાણીને તેનું માંસ ખવડાવું તો જ હું ગુજણિયાગઢનો રાજા કહેવાઉ ! આ મારી પ્રતિજ્ઞા છે. બખોલમાં લપાયેલો સૂવર રાજાને જુએ છે અને વિચારે છે, ‘‘કે રાજા હવે મારા મહાદેવ ખેલ જો, સૂવર ધીમેથી બહાર આવે છે અને રમતો રમતો રાજા પાસે જાય છે. રમતા સૂવરને જોઈને રાજા પણ આનંદમાં આવી જઈ ઘોડીલો રમડવા લાગ્યો છે, હવે સૂવર ધીમે ધીમે ઘાટમાં આવી રહયો છે.’’ રાજા સૂવરને મારવા ઘડીકમાં તલવારનો જાટકો કરવા જાય છે તો ઘડીકમાં બંદૂકનો ભડાકો રાજા અને સૂવર આમને–સામને રમતે વળ્યા છે. ઘોડા ઉપર ચડીને રાજા પ્રતિજ્ઞા જાહેર કરતાં કહે છે, ‘‘હે નગરજનો મારી પાછળ કોઈ આવશો નહીં. જે દિવસે મારે હાથે વનમાં ભાગી જતો સૂવર મરશે તે જ દિવસે ગુજણિયામાં પગ મૂકીશ. અને વનમાં ભટકતો મરી ગયો તો આજથી સૌને ‘નરવડ ગડ જોઆર !’’

ગુજણિયાગઢનો છેલ્લા પ્રણામ કરીને ધાંધલ રાજા ઘોડાની વાગ ખેંચે છે. વનખંડમાં સૂવાર આગળ જાય છે આમ તેમ ડુંગરા પર ઘોડાને દોડાવે જાય છે. સૂવરના રૂપે રહેલા મહાદેવને ઘોડાની દયા આવતાં વિચારે છે, ‘‘રાજા આમ ને આમ ઘોડાને દોડાવીને મારી નાખશે. મારે હવે કોઈ કળા કરવી પડશે. મહાદેવ આમ વિચારીને સૂવર મોરનું સ્મરણ કરે છે. મોર પ્રગટ થાય છે. સૂવર મોર ઉપર ઊભો રહે છે. મોર ઊડવા લાગે છે. સૂવરના રૂપે રહેલા મહાદેવ મોર સાથે વનરાવનમાં પોતાના દેવળમાં જઈને અદૃશ્ય થાય છે. રાજા સૂવરને શોધવા ડુંગરા ફરી વળે છે. પણ તેને કયાંય સૂવરના પગલાં દેખાતા નથી. અંતે થાકેલો રાજા એક વડની છાયામાં વિશ્રામ કરે છે. સૂવરને માર્યા વિના તેને ચેન પડતું નથી. તે ઊભો થઈ ફરી સૂવરના પગલાં શોધવા જાય છે. ત્યાં એક મહાદેવનું દેવળ દેખાય છે. બાજુમાં બીલીનું વૃક્ષ જોઈ, ધીમે ધીમે મહાદેવની સેવામાં લીન થાય છે. રાત દિવસ મહાદેવના લિંગ ઉપર બીલીનાં પાન ચડાવે છે એન મહાદેવની ઉપાસનામાં લીન બને છે. મહાદેવમાં જ મંત્રમુગ્ધ થયેલ રાજા ઘોડાને પણ વિસરી જાય છે. વડની વડવાઈએ બાંધેલો ઘોડો ભૂખ્યો તરસ્યો વડની છાયામાં મરી જાય છે. બંદૂકને ઉધેઈ ખાઈ જાય છે.

એક દિવસનો ‘સમાજોગ’ આવ્યો રાજાને આમ કરતાં કરતાં બાર વરસનો સમય પસાર થઈ ગયો, પણ મહાદેવ નથી બોલતા કે નથી પ્રસન્ન થતા, રાજા મનમાં વિચારે ત્યાં એક ભીલ આવે છે કાળો કીર ખભે ધારદાર કુહાડી મુકી વનમાં જાય છે. તે ‘અગેળ’ (હિંગોળી નામનું

જંગલી વૃક્ષ, જેના છાંડાં પાણીમાં નાખવાથી માછલાં મૂચ્છિંત થઈને ઉપર આવે છે) કાળો કીર હાથથી વીણી વીણીને માછલાનો ટોપલો ભરે છે. જેમાંથી થોડા માછલા મહાદેવને ચડાવ્યા, તેના મનમાં વિચાર થયો કે ભોગ ધરાવ્યા વિના ખાઈશ, તો ભગવાન રિસાઈ જશે, હે મારા ભગવાન જે અમે ખાઈએ તે તને ચડાવીએ ! જે દેહને તે દેવને ! આપો આપ આ માછલાંનો હોમ લે જે !'' કાળો કીર આ માછલાં જેવા લિંગ ઉપર મૂકવા જાય કે તરત જ મહાદેવજી પ્રગટ થઈને બોલે છે, ''હે કાળા કીર ! તું કંઈ આશાએ મને માછલા ચડાવે છે, કાળો કીર કહે છે, શિવજી ! મારે એક પણ દીકરો નથી.'' શિવજી પ્રસન્ન થઈને કહે છે, ''જા, અલ્યા કાળા કીર ! તેં મારી આ મૂડી ઉપર જેટલાં માછલા ધર્યા એટલા તારે દીકરા થશે. તારી આશા પૂરી થશે. તું ખાજે પીજે અને માયા માંડજે.'' આમ બોલી મહાદેવ અંતર ધ્યાન થાય છે.

રાજા દેવળમાં બેઠાં બેઠાં શિવ અને કાળા કીર વચ્ચેનો આ ખેલ જોયા કરે છે, ''વાહ મહાદેવ ! તારી કળાને ધન્ય છે ! હું બાર બાર વરસથી ભૂખ્યા તરસ્યા આ દેવળમાં તારી પૂજા કરુ છું. પણ તું મને એક અક્ષર પણ બોલ્યો નહીં, અને પેલા કાળા કીરે તારા દેવળમાં માછલાં મારીને તને લોહી છાંટયુ તેને પલવારમાં પ્રસન્ન થયા.'' રાજા શિવજી ઉપર ગુસ્સે થઈને પોતાનું માથું ચડાવવા તૈયાર થાય છે. એવા જ મહાદેવજી પ્રગટ થાય છે. અને કહે છે તારે મરવાનું કોઈ જ કારણ નથી. તારા મોઢે માંગેલું આખું રાજય આપું છું. રાજા અને શિવજી વચ્ચે સંવાદ ચાલે છે, રાજા કહે છે મેં રાજય છોડયુ બાર બાર વરસ વિતી ગયા છે, આ સાંભળી શિવજી વિચારે છે કે ખરેખર વાત સાચી છે, હવે હું તને કહું તેમ કર. આ સામે સરોવર દેખાય ત્યાં જા. સરોવરે એક ઓદી ગાળ ત્યાં આંબાવાડી માંથી ભગવાનના ઘરની દેવકન્યાઓ (પરીઓ, અપ્સરાઓ, દેવીઓ) સામેના સરોવરમાં સ્નાન કરવા માટે આવશે. તેના બધા કપડાં ભેગા કરીને મારા દેવળમાં દાખલ થઈ જઈશ, તો બચી જઈશ, પણ દેવીઓ વાટમાં મને પકડી લેશે તો મારી શી ગત થશે ? પણ જે થાય તે ખરું !

મધ્યરાત્રિ થવા આવી છે અને ધાધલ રાજા સરોવરની પાળે જઈને 'ઓદી'માં બેસે છે. થોડીવાર થાય છે આસમાનમાં 'ધધમાટો (અવાજ) થવા લાગ્યો છે. સ્વર્ગની 'કુરજલિયો' (હંસ જેવું પક્ષી) ના વેશે નવલાખ દેવીઓ આવવા લાગી છે. આનંદ કિલ્લોલ કરતી દેવીઓ સરોવરમાં નહાવા લાગે છે. તેઓ અંદર અંદર 'સીરકલિયો' (ચકલીઓ) ના દાવ રમે છે.

આવા સમયે રાજા ધાંધલ ઓદીની બહાર આવે છે. વસ્ત્રોને બાથમાં લઈને ઝડપથી દોડવા લાગે છે, અને મહાદેવજીના દેવળ તરફ આવે છે. એટલામાં અપ્સરાઓને ખબર પડી જાય છે અને સરોવરમાંથી બહાર નીકળીને રાજાના પગલે પગલે દોડવા લાગે છે.

મહાદેવજી પરીઓના કપડાં એક તરફ ખૂણામાં મૂકાવીને તેને મીણની માખી બનાવીને દેવળની દીવાલે ચોંટાડી દે છે. નગ્નવસ્થામાં આવેલી નવલાખ દેવીઓ દેવળને ઘેરી લે છે. અને શિવજીને કહે છે, કે તમે અમારો ચોરને સંતાડયો છે. તેને બહાર કાઢો. શિવ કહે છે, 'હે દેવીઓ ! મેં ચોરને જોયો નથી, કન્યાઓ કહે તે વાત સાવ ખોટી. ચોર તમારા દેવળમાં જ લપાયો છે. તેનાં પગલાં અહીં પૂરા થાય છે. તમે ચોર નહીં આપો તો તમે પોતે અમારાં ચોર થાઓ અને અમારાં કપડાં પાછા આપો. મહાદેવજી હઠે ભરાયા છે, તે છેવટે શિવજી કહે છે, ''કન્યાઓ, મને વચન આપો તો હું તમારો ચોર બતાવું ! દેવકન્યાઓ વચન આપે છે. હવે શિવ મીણની માખીનું સ્વરૂપ બદલાવીને રાજાને પ્રગટ કરે છે. અને કહે છે આ તમારા વસ્ત્રનો ચોર, તેને પરણવું છે તો જેના પર તેની પસંદગી તેને તમે બધી ભેગી થઈને પરણાવો.'' શિવના આદેશથી રાજા અપ્સરાઓના બધા શણગાર આપે છે. અને તેઓ શણગાર ધારણ કરે છે.

વસ્ત્રો ધારણ કરીને દેવકન્યાઓ શિવજીને કહે છે કે ભગવાન તમે અમને ખરી સાંકળે લીધી ! શિવજી કહે છે, 'દેવીઓ, તમે જેમ મારા વચનમાં છો તેમ હું મારા આ સેવકના વચનમાં બંધાયો છે. તમારામાંથી એકને તો પતિ મળશે જ ! પછી તમારે દુઃખી થવાનું શું કારણ છે ? શિવજીનાં વચન સાંભળીને દેવીઓ પોતાનું રૂપ બદલે છે અને કદરૂપી હતી તેઓ રૂપાળી બની જાય છે. અને રૂપાળી કદરૂપી બની જાય છે. ચિત્ર–વિચિત્ર દેખાવવાળી કન્યાઓ શિવજી સામે એક હરોળમાં આવે છે.

મહાદેવ રાજાને શિખામણ દે છે, 'રાજા' આ જે કન્યાઓ ઊભી છે તેમાંથી તું રૂપાળી જોઈને પસંદ કરીશ નહીં. પરંતુ, જે સૌથી કદરૂપી કન્યા હોય તેને પસંદ કરજે. જેને તું પસંદગીના રૂપમાં પસંદ કરીશ તે તારી પત્ની બનશે. રાજાની નજર સુંદર કન્યા પર જાય ત્યાં જ મહાદેવજી મચ્છરનું રૂપ લઈને રાજાના કાનમાં ગણગણાટ કરે છે. આથી રાજાનો હાથ સુંદર કન્યાને સ્પર્શવાને બદલે કાન તરફ જાય છે. અને તે બીજી કન્યા આગળ નીકળી જાય છે. આમ કરતાં કરતાં રાજા સૌથી કદરૂપી કન્યા પાસે આવીને ઊભો રહે છે. તે હાથ લંબાવીને કદરૂપી

કન્યાને પસંદ કરે છે, કે તરત જ કદરૂપી દેખાતી કન્યા રૂપ રૂપનો અંબાર થઈ જાય છે. આમ દરેક અપ્સરાઓ આંસુ સારે છે અને કહે છે કે આપણા દરેકનું રૂપ હીરાપથ હતી. તે રાજા લઈ જાય છે. શિવજી દરેકને આશ્વાસન આપે છે. અને હીરાપથને પરણાવવાની તૈયારી કરવાનું કહે છે હીરાપથ પરણાવવા મહાદેવજીએ વનમાં મંડપની રચના કરી નવલાખ દેવીઓના બે વિભાગ પડી બંને પક્ષમાં અરધી કન્યાઓ રહીને લગ્નગીતો ગાય છે અને મહાદેવજી હીરાપથ પરી અને ધાંધલ રાજાને નવલાખ દેવીઓની સાક્ષીઓ ફેરા ફરીને લગ્નવિધિ પૂર્ણ કરે છે.

હવે મહાદેવજી રાજાને પૂછે છે, ‘‘રાજા બાર વરસ પહેલાં આ વનમાં આવવાનું કારણ ? રાજાને ઘણા વરસે સૂવરની યાદ આવે છે. તે મહાદેવજીને કહે છે, હું તો આ વનમાં ભાગી છૂટેલા સૂવર ને મારવા માટે આવ્યો હતો. સૂવરે માળીનો લીલો બાગ ભેળી નાખ્યો હતો. આથી સૂવરના પગલે પગલે પાછળ આ વનમાં આવ્યો હતો. સૂવર મને છેતરીને ભાગી ગયો, રાજાને વડલાના થડ પાસે મરેલા ઘોડાના હાડકા અને ઉધેઈ ખાઈ ગયેલી બંદૂકની નળી નજરે પડે છે. મહાદેવજી ‘અમીનો કૂંપો’ અને ‘કણિયોરની કાંબ’ નાખે છે, કાળિયો રેવત હણહણવા લાગે છે. ત્યાંજ સૂર્ય પ્રકાશ પડતા સાથે રૂપનળી બંદૂક નજરે પડે છે. તેમાંથી તેજ લીસોટા ઉઠે છે, ઘોડાની લગામ પકડે છે, ને સૂવર નજર સામે દેખાય છે. બંદૂકની ગોળી છોડે છે. એક મોટા ધડાકા સાથે સૂવર નીચે પડીને મરી જાય છે. મહાદેવજી ધાંધલ રાજાને કહે છે, ‘‘રાજા, તું સૂવર મારવાની પ્રતિજ્ઞા કરીને આ વનમાં આવ્યો હતો. તારી એ પ્રતિજ્ઞા પૂરી થઈ. હવે સૂવર અને નવી રાણી લઈ તારા દેશમાં જા. અને તમે બંને ક્ષેમકુશળ રહેજો. મહાદેવજી હીરાપથ (પરી) ને શિખમાણ દે છે, ‘‘તું પણ દુઃખી થઈશ નહીં બંને લાવ લશ્કર લઈને ગુજણિયાગઢ આવે છે.’’

ધાંધલ રાજા હીરાપથ રાણી સાત માળિયા મહેલમાં ખાય છે, પીએ છે અને મજા કરે છે. એક દિવસ હીરાપથ રાણી ધાંધલ રાજાને કહે છે, ‘‘રાજા જૂની રાણીના મહેલે જવું હોય તો ભલે જજે. પણ જૂની રાણી મારા પરિચય વિશે પૂછે તો મારો સાચો પરિચય આપતો નહીં. નગરના લોકોને પણ નહિ, જે દિવસે તું મારો સાચો પરિચય આપીશ તે દિવસથી તારા અને મારા સંબંધો પૂરા થશે. મારાં આટલા વચન સદાય ધ્યાનમાં રાખજે. ધાંધલ રાજા નવી રાણીને તેનો સાચો પરિચય કોઈને પણ નહીં આપવાના વચને બંધાય છે.

એક દિવસનો ‘સમાજોગ’ આવ્યો અને ‘સમાજોગ’ નો ‘મહાજોગ’ આવ્યો. રાજા

ધાંધલની હીરાપથ પરીને કુંવર જન્મે છે. ગુજણિયાના હાટે મશરૂ (જીણી) ખાંડ વહેંચાય છે. આનંદનો ઉત્સવ આવે છે. કુંવરનું નામ પાબુજી રાખવામાં આવે છે. આમ ધીમે ધીમે સંસાર આગળ ચાલતા બીજા કુંવરને જન્મ આપે છે, તેનું નામ ચાંદોજી અને બંને ભાઈઓ સોનાના પારણે ઝૂલે છે. સમય પસાર થતા હીરાપથ રાણીને બે કુંવરીઓ જન્મે છે એકનું નામ દેવોલ અને બીજી કુંવરીનું નામ તેમા ધાંધલ રાજાના મહેલમાં ચાર ભાઈ–બહેનની જોડી થઈ છે. ગુજણિયાગઢમાં ખૂબ જ સારું થયું છે.

સોનાનો સોહામણો સૂરજ ઉગ્યો છે, ધાંધલ રાજાને પોતાની જૂની રાણીની યાદ આવે છે, તે સોળૈયો શણગાર સજી મોરચંગ રાણી પાસે આવે છે, રાણી આનંદ વિભોર બની રાજાનું સ્વાગત કરે છે, ‘‘ધન્ય ઘડી ! ધન્ય વાર ! રાણી રાજાને ‘દીવલે જોઆર’ કરે છે, કપાળમાં તિલક કરે છે, ચોખાથી વધાવે છે. અને રાજાને ફૂલ પાથરીને ભમરઢોલિયો સજાવે છે, દારૂ પાય છે મીઠી મીઠી વાતો કરે છે, એન રાજાનું પેટ લે છે, રાજાથી ભેદ ઉકેલાય જાય છે, અને મોરચંગ રાણીને કહે છે, કે હું કોઈ જેવી તેવી રાણીને પરણીને આવ્યો નથી. હું તો ભગવાનના દરબારની પરી (અપ્સરા) પરણીને આવ્યો છું ! દારૂના નશામાં હીરાપથ પરીને આપેલું વચન ભૂલી જાય છે અને સાચી ઓળખ આપી દે છે. હીરાપથ પરીને ખબર પડતા નાના બાળકોને મૂકીને આકાશ માર્ગે સ્વર્ગમાં ઉડી જાય છે.

## કાળું ખેંસી :

એક દિવસનો ‘સમાજોગ’ આવ્યો અને ‘સમાજોગ’ નો ‘મહાજોગ’ આવ્યો. કાળું ખેંસી ગુજણિયાગઢની સીમમાં શિકાર કરવા જાય છે. વાટે વાટે પ્રાણીઓના પગલાં શોધે છે ત્યાં તેને સૂવરના પગલા નજરે પડે છે. તે ખુશ થઈ સૂવરના પગલાં જોતો આગળ વધે છે. તેને મનમાં થયું આતો રાઠોડનો પાળેલો સૂવર ‘ઘાસ’ ખાઈને તાજો માજો થયેલો છે તે મહૂડાના ઝાડ પાસે ઓદીમાં લપાય છે. મોડી રાત થાય છે. ઓદીમાંથી બહાર આવીન જોવે છે તો સૂવર મરેલો પડયો છે.

વાદળમહેલમાં સૂતેલા ધાંધલ રાજાના સરદારોના કાને મધરાતે આ અવાજ સંભળાય છે, સરદારો તીર–કામઠાં તલવારો સજાવીને ‘ધરમર ધરમર’ વાદળમહેલ ઉતરે છે અને ઝેંઝણિયાઝોડમાં આવીને જુએ છે તો જાયેરિયાગઢનો કાળું ખેંસી સૂવરને ઢસડતો લઈ જઈ

રહયો છે. રાઠોડો તેને પડકારના નજીક જઈને કહે છે, અમારી જ બાજરી ખાતા આ અમારા પાળેલા સૂવરને મારનાર કોણ ? કાળું ખેંસી વળતો જવાબ આપતા કહે છે, 'રાઠોડો' મેં તો વનમા જાનવર માર્યુ છે ! મને થોડી ખબર હતી કે તમારું પાલતું જાનવર છે, જો તમે કહો તો તેના બે ભાગ પાડી લઈએ. મને સૂરવ મારવાનો એક વધુ ભાગ આપો બે ભાગ મારા અને એક ભાગ તમારો !'' રાઠોડ સરદારોને કહેલા કાળુખેંસીના બોલ કડવા લાગે છે. સૂવરના કારણે રાઠોડ ને જાયેરિયાગઢના કાળું ખેંસી સાથે હુંસાતુંસી થાય છે અને થાય છે અને રાઠોડો અને ખેંસી વચ્ચે જઘડો વધી પડયો. સામ સામે તલવારો અને બંદૂકનો ભડાકો કરે છે, અને કાળું ખેંસી જમીન ઉપર ઢળી પડે છે. સૂવરની જીદના કારણે કાળું ખેંસી મરાયો જગતમાં ખોટું કામ થયું.

એક દિવસનો 'સમાજોગ' આવે છે. કાળું ખેંસી ના બે કુંવર મેદરો અને જેદરો (જિદરાવ) દિવસે દિવસે મોટા થવા લાગ્યા છે, પણ રાઠોડ અને ખેંસી વચ્ચેનું વેર આગળ વધે છે.

## પાબુ–ચાંદો રાઠોડ :

હીરાપથ અપ્સરા નાના બાળકોને મૂકીને સ્વર્ગમાં ઊડી ગઈ ધાંધલ રાજા મોરચંગ રાણીના મહેલે જઈને મા વિનાનાં છોકરા કરીને બેસી ગયો. સૌથી નાની કુંવરી તેમાં હજી સોનાના પારણામાં હીંચે છે. પાબૂજી અને ચાંદો બંને ભાઈ નાની બહેનને સોનાની દોરીએ હીંચકો નાખતા હાલરડામાં તેમાનું લગ્ન જાયેરિયાના રાજકુંવર જેદરા ખેંસી સાથે કરશું અને તને દહેજમાં આપણા ઝેંઝણિયાઝોડ, દિપાવલી નાડીઓ અને ભૂરી ભેંસો આપીશું. તને સોનાની ઉઢાણી અને પાણી ભરવા સોનાના બેડાં આપીશું. તને સોનારૂપાનાં વસ્ત્રો આપીશું. તેમાં આ બધુ જ કાન દઈને સાંભળે છે, તેમાંને છાની રાખવામાં કહેવામાં આવેલી વસ્તુને તે કયારેય ભૂલતી નથી.

એક દિવસનો 'સમાજોગ' આવ્યો અને 'સમાજોગ' નો 'મહાજોગ' આવ્યો. પાબુ અને ચાંદો રાજસિંહાસન ઉપર કચેરી ભરીને બેઠા છે. મોરચંગ રાણીના કુંવરો, રાઠોડના તમામ સરદારોની વચ્ચે જાજમો ઉપર બેઠા છે, હવે ગરમા ગરમી વાતો ચાલે છે. રાઠોડ સરદારોની હાજરીમાં પાબુજી અને ચાંદોજી જાયેરિયાનાં આડાં પડેલાં વેર ભાગવાની અને તેમાના લગ્નનું

નાળિયેર જાયેરિયાગઢમાં જેંદરો અને મેદરો ખેંસી ત્યાં મોકલાવે છે. તે બંને ભાઈ તેમાનું નાળિયેર સ્વીકારે છે, કુંવરીના લગ્નનો દિવસ નકકી કરી તેમા લગ્ન ધામધૂમથી કરી બહેનને વિદાય કરે છે.

દેવોલ અને તેમાં બે બહેનો છે. દેવોલને ભીમ ચારણ સાથે ભાગણિયા નગરમાં પરણાવે છે. બંને બહેનો પોતાની સાસરીમાં ખાટહિંડોળે હીંચે છે. હરિયા બાગમાં હરે ફરે અને સોનાની કુંડીએ સ્નાન કરે છે. આનંદમાં એક એક ઘડી લાખની પસાર થાય છે.

એક દિવસની વારતા ભરી સભા સાંભળે છે. પાબુ અને ચાંદો ઈખરાઘરાં (ગામનું નામ) ની વાટે સાંકળી ઘાટીમાં 'રમખું' માંડયું છે. વાટમાં ધૂળાનો પાટ પૂર્યો છે. પાટના મંડળમાં આવતા નવલાખ તારાઓને જગ્યાએ નવલાખ બરછીઓ ઊભી કરી છે. ચોરાશી સાધુની જગ્યાએ ચોરાશી હથિયાર ધારી સરદારો બેસાડયા છે. ભાલો ઊભો રાખી તેનો તંબૂર ગણીને ચાંદીયો જૂઠાં જૂઠાં ભજન બોલે છે. 'ગરતી માઝરાત' છે અને લાખો વણજારો 'ઈહકારો–ડસકારો' કરતો નવલાખ પોડીને લઈને આવે છે 'સાત વીસો' ગોવળિયા પોઠોના બળદોને હોંકે છે. જેવી વણજાર વાટ નજીક ઊંડી ઘાટીમાં પ્રવેશે કે તરત જ ભજન બોલવાનો ઢોંગ કરતો ચાંદો લાખા વણજારા ઉપર તૂટી પડે છે, અને તેને મારી નાખે છે. મારના ભયે ગોવાળિયા પણ ધ્રુજવા લાગે છે, રાઠોડના આદેશથી ગોવાળિયા ગુજણિયાગઢ ભણી નવલાખ પોઠો હોંકે છે. હીરા, મોતી, માણેક વાદળમહેલના માણેકચોકમાં પાબુ, અને ચાંદો ઘોડા ખેલવતા ગજણિયાગઢમાં આવે છે.

એક દિવસનો 'સમાજોગ' આવ્યો અને 'સમાજોગ' નો મહાજોગ આવ્યો. જાયેરિયાગઢ ના વાદળમહેલમાં સાસુ અળખું અને તેમાં વચ્ચે કોનું પિયર સમૃદ્ધ અને કોના ભાઈ શૂરવીર તે નકકી કરવા કણિયોરની બે બે ચીરીઓ દ્વારા નકકી કરીએ સાસુ વહુ સરોવરની પાળે સોના ઊંઢ ાણી માથે મૂકી પાણીના બેડાં લઈ આવે છે કણિયોરનું દાતણ લઈ બે ચીરીઓ કરી અળખું જમીન પર નાખે છે. પણ દૂધની ધારા વછૂટતી નથી. પણ થૂંકની ધારા વછૂટે છે. પિયરનું પારખું ખોટું પડતા અળખું શરમાઈ જાય છે. હવે તેમા બંને ચીરીઓ જમીન પર નાખે છે તરત જ દૂધની ધારા વછૂટે છે. તરત જ ઘી અને પાણીનું મૂલ્ય થઈ જાય છે. સાસુ મુકકા મારીને છાતી કૂટે છે અને તેમાંને કટક્ષમાં કહે છે કે તારા ભાઈએ તો વણજારાને મારીને નવલાખ પોઠો લૂંટી

લીધી છે. તારા ભાઈ, શાના શૂરવીર ? અને તારું પિયર શાનું સમૃદ્ધ મારા ભાઈઓતો વિરાટનગરમાં રાજય કરે છે શૂરો (હૂરો) અને સજમોલ (હજમોલ) તેમનાથી રાજય કરે છે શૂરો (હૂરો) અને સજમોલ (હજમોલ) તેમનાથી ધરતી ધ્રુજે છે. બંને વચ્ચે જઘડો આગળ વધે છે, અને ઝઘડતા ઝઘડતા વાદળમહેલમાં આવે છે.

## અળખું અને રાઠોડ :

લાખા વણજારાની નવલાખ પોઠો લૂંટયા પછી રાઠોડોની સમૃદ્ધિ વધી ગઈ છે. પાબુ રાઠોડ વિચારે છે, આપણે તેમા બહેન ના મામેરાની તૈયારીઓ કરવી છે. મોટાભાઈ પાબુના આદેશથી ચાંદોજી સૌથી પહેલાં વાણિયાની હાટે જઈને 'મઈકપરા' (મલમલ) હેમના તાર, સોનું, રૂપ લઈ 'વીદવાગા' સિવડાવીને લાવે છે.

બંને ભાઈઓ વાતો કરે છે, ''અળખું વેવાણે આપણને હંમેશા મહેણા માર્યા છે. આપણે તેના મહેણાં ભાગવા માટે મામેરાં લઈને જાયેરિયાગઢ જવાની તૈયારી કરો. દેશના દીવા પાબુજી અને ચાંદોજી હીરાપથ પરીના સુંદર દીકરા અને મોરચંગ રાણીના શૂરોજી, બૂરોજી, ઊબોજી, ઢેબોજી અને પૂંરોજી બધા રાઠોડ સોનારૂપાના વીદવાગા ધારણ કરી હાથીની અંબાડી ઉપર બેસીને જાયેરિયમાં જવાની પૂરી તૈયારી કરીને માણેકચોકમાં આવે છે. ગોવાળો મામેરામાં લઈ જવા માટે હીરા, માણેક અને મોતીની પોઠો હાંકે છે. પાબુ અને ચાંદો પોઠોની પાછળ ઘોડા ખેલવતા જવા લાગ્યા છે ધૂળની ડમરીઓ ઉડવા લાગી છે.

જાયેરિયાગઢના ગાંદરે રાઠોડ ડેરા તાણે છે અળખું વેવાણ તેમના સામૈયે આવે તેની રાહ જોવાઈ રહી છે. તેવામાં પાબુ અને ચાંદો સવારના ફૂલ વિણવા આવેલી માળણને જોઈ જાય છે, અને માળણ સાથે સંદેશો મોકલાવે છે કે ''બાઈ, તારી અળખું રાણીને જઈને કહેજે ગુજણિયાગઢના રાઠોડ કાલના મામેરે આવ્યા છે. તેઓ સૂરજપોળમાં સામૈયાની રાહ જુએ છે. માળણ દોડતી વાદળમહેલે આવે છે, અને અળખુ ને સંદેશો આપે છે. રાઠોડના સામૈયે જવાની તૈયારી કરે છે.

રાણી સોળૈયો શણગાર સજીને રાઠોડના સ્વાગતની તૈયારી એ આવેલી વેવાણ સૌથી પહેલાં કેશર ઘોડીના પૂંછડે તિલક કરે છે, ત્યાર પછી આગળ આવીને પાબુજીની બોચીમાં ટીલું કરે છે વેવાણનું આવું વર્તન જોઈને ચાંદો રાઠોડ ક્રોધથી ધ્રુજવા લાગ્યો તે અળખું વેવાણને કહે છે

કયાં કારણસર વેવાણ તમે અમને કથીર બરાબર કરી નાખ્યા ? રાઠોડ આખા દેશના દીવા અમારો પાટવી ભાઈ પાબુજી ! તેમની બોચીમાં ટીલું કરવાનું તારે કયું કારણ ? અળખું કહે છે, બધી વાત સાચી પણ તમે પેલું ગરીબ બાપરું ! વણજારું મારીને અહીં પોઠો ભરીને મામેરે આવ્યા ! એ તો તને શૂરવીર જાણ્યો ! ઘણો જ વીર હોય તો જા, વેરાઠનગરીમાં ત્યાં મારા બે ભાઈઓને મારી તેની રાણીઓ એટલે મારી (ભાભીઓના) ખોળામાં મારા ભાઈના માથા લઈ આવ તો હું તને શૂરવીર ગણું અને તો જ તમારા કપાળામાં સમાં તિલક કરી ચોખલિયે વધાવી સામૈયું કરીશ !

અળખુંની વાતોથી રાઠોડની છાતીમાં શેરડા પડે છે. તેઓ મૂછે તાવ દે છે જતાં જતાં પાબૂજી કહે છે, ''હે વેવાણ ! તારા ભાઈઓ માટે આવું હીણું (હલકું) કેમ ઈચ્છે છે. તારી વાતથી જગતમાં ખોટું કામ થશે. પાબુ અને ચાંદોજી સરદારો સાથે ઘોડા મળે છે, તેઓ ગુજણિયે જઈને સરદારોને સાબદા કરી વેરાઠનગરીમાં રાઠોડ સરદારો અને પાબુજી તથા ચાંદોજી યુદ્ધ માટેની તૈયારી માટે 'જણ' (દૂત) મોકે છે.

## શૂરો અને સજમોલ :

સૂર્ય ઊગતાં કિરણોમાં ગુજણિયાગઢના તમામ રાઠોડ સાથે એકઠા થઈ વેરાઠનગરીમાં રમવા જવાનું છે. આવી શૂરા નરોની વાત ચાલે છે. આયોજન પૂર્વક તીર–કમાન પાણીદાર ઘોડલા તૈયાર કરી લડાઈમાં જવાની તૈયારી કરે છે. પીઠ પાછળ ઢાલ અને તલવાર ભરાવે છે. હાથમાં સિંદૂર રંગના ભાલા અને ફૂલ્લીવાળી બંદૂકો લે છે. પાબુ અને ચાંદો, અને તેના ભાઈઓ ઘોડા ખેલવતા વિરાઠની સીમમાં આવે છે.

લાંબી વાટે થાકેલા હોવાથી ચાંદો અને પાબુજી તથા તેના ભાઈઓ પારસ પીપળે જાજમો પાથરીને બપોર ગાળે છે. અને અજાણી ભૂમિ અને પારકો દેશ અને દુશ્મનનો સામનો કરતી વખતે કંઈ રીતે નાશી છૂટવું તે વિશેની તરકીબ વિચારે છે. આ બધું જાણ્યા વિના કેવું પરિણામ આવે ? પાબુજીના આદેશથી 'ચાંદોજી, ઘાટીના મારગ જોઈને વહેલી સવારે ઘાટીની બંને બાજુના મારગ રોકીને ઊભા રહે છે. ઢેબોજી હાંકતો હાંફતો ડુંગર ચડે છે અને ડુંગરે આવેલા સરગવાના ઝાડ ઉપર ચડે છે. ત્યાંતો વેરાઠનગરીમાંથી શૂરા (હુરા) અને સજમોલ (હજમોલ) ની સવાસો સાંઢોના ટોળા છૂટયા છે. ઢેબો રાઠોડ સરગવાના ઝાડ ઉપર બેઠો બેઠો

તેને આવતો જુએ છે. રબારીનું રૂપ જોઈને ધ્રુજણિયો તાવ ચડે છે અને આખું સરગવાનું ઝાડ પથ્થર ધ્રુજે છે. ઢેબોજી ડુંગર ઊતરીને પાબુજી અને ચાંદાજી પાસે આવે છે. તેમને વાત કરે છે, ''કે, આપણે આના વિશે કંઈ પણ જાણતા નથી. માટે આપણે જટજટ ભાગી જઈએ. નહીં તો આપણને પૂરા મારી નાખશે ! પાબુજી ઢેબાજીને શાંતવના આપે છે, કે તું સમા કાળજે રહજે ! એ તો સાંઢોનો ગોવાળ છે. છતાં ઢેબાજીની વાત સાંભળીને પાબુજી અને ચાંદોજી આજે આપણી વાત બનવાની નથી. આજે તો અહીંથી આપણા ઘોડાઓને પાછા વાળો.

રાઠોડ વેરાટનગરીની સીમામાંથી ગુજણિયાગઢમાં પાછા આવે છે. પરંતુ કશું જ કર્યા વિના પાછા ફર્યા હોવાથી ચાંદાજીને ચેન પડતું નથી તે વિચારે છે, કે આપણી મા હીરાપથ પરી અને આપણાં પિતાના પરાક્રમોને યાદ કર. આપણને વેવાણને મહેણાં માર્યા છે. આપણે આ મહેણાં ભાગીશુ નહીં તો આપણે શૂરવીર ગણાશું નહીં. આપણે મરી જઈએ તો ભલે પણ વેરાઠનગરીમાં જઈને, શૂરા અને સજમોલના માથા તો લેવા જવું જ છે. આપણી જરૂર કુળદેવતા મદદ કરશે આમ વિચારી ફૂલવછેરા ઉપર ચાંદોજી ઊલાળીયાં બગામા ઢીલાં મૂકે છે અને લાવ લશ્કર લઈને બંને ભાઈ રમખું માંડવા વિરાઠનગરમાં આવે છે.

પાલુ અને ચાંદો શૂરા અને સમજમોલની ફોજો ઉપર હુમલો કરતા પહેલાં વેરાઠનાં દેવોનું સ્મરણ કરીને બંને ભાઈ વિચારે છે એક તરફ વેરાઢનગરીમાં તેનું લાવ લશ્કર અને એક તરફ ચાંદોજી હાથમાં સિંદૂરિયો ભાલો લઈ સીમની દેવીઓની યાદ કરીને કહે છે પાબુજી આપણે જીતીને જ જવાનું છે, હવે ચાંદોજી અને કેશર 'કારમી' ઘોડી ઉપર સવાર થઈને બંને ભાઈઓ ઘોડાને કૂંડાળે ઘાલીને શૂરા–સજમોલની ફોજ સામે વાળે છે ઘોડાં 'રવોર' કરતા પવન સાથે ઊડે છે. તેઓ શૂરા એન સજમોલની ફોજ નજીક આવે છે. મારગની બે બાજુ એક એક પંકિતમાં રાજાના સરદારો ઊભા છે. વચ્ચે મારગ છે. સરદારો થાંભલા થઈને ઊભા છે 'કેશર કીરમી' ઘોડી હણહણતી મારગ વચ્ચે ઊડે છે. મોઢામાંના ખાંડાની મદદથી કેશર ઘોડી ડાબી બાજુના સરદાર કાપવા લાગી છે. આ તરફ પાબુજી જમણી બાજુના સરદાર કાપવા લાગ્યો છે. પહેલાં માથાં વઢાઈ વઢાઈને દૂર પડે છે, અને પછી ધડ નીચે જમીન પર પડે છે. રણમાંથી ભાગેલા સરદારોને ચાંદોજી પીછો પકડીને મારે છે. 'રમખા' માં શૂરા અને સજમોલના માથા કપાઈને દૂર જઈને પડયાં છે અને ધડના ટુકડા જમીન પર ફસડાઈ પડયાં છે. બંને ભાઈઓ

ઝડપ કરીને વિરાટનગરના વાદળમહેલમાં આવે છે. તેઓ રાણીઓને કહે છે તમે તમારા પતિઓના માથાં રણમેદામાંથી ઓળખીને થાળીઓમાં લઈ લો. અમારે એવી માનતા છે કે, આ માથાં જાયેરિયાગમઢમાં લઈ જઈને ત્યાં માથાં પર 'અમીના કૂપા' છાંટવામાં આવશે અને કણિયોરની કાંબ ફેરવવામાં આવશે. તરત જ તમારા મરેલા પતિ જીવતા થશે પછી તમે વિરાટનગરીમાં તમારા રાજા સાથે ખાજો પીજો આનંદથી રહેજો. પતિ ફરીને જીવતા થશે એવી આશાથી રાણીઓ રડતી છાની રહીને પાબુ અને ચાંદાની સાથે જવા તૈયાર થાય છે.

આ તરફ અળખું વેવાણને સંદેશો મોકલાવે છે કે રાઠોડ વિરાટનગરમાં જીત મેળવીને આવ્યા છે, અને સૂરજીપોળોમાં તમારા સામૈયાની રાહ જોતા ઊભા છે. સમાચાર મળતા સાથે જ દાસીઓને લઈને સોળૈયા શણગાર સજીને અળખું વેવાણ 'રૂમઝૂમ બણાક' કરતી સુરજીપોળોમાં આવે છે. સુરજીપોળોમાં આવીને અળખું વેવાણ જુએ છે તો આગળ શણગારેલી વાજમી વહેલો ઊભી છે અને પાછળ એક પંકિતમાં પાબુ અને ચાંદો ઊભા છે. અળખું વેવાણ નજીક આવીને જુએ છે તો પોતાની ભાભીઓ વહેલમાં બેઠી છે. ખોળમાં થાળીઓ છે, અને થાળીઓમાં પોતાના ભાઈઓનાં માથાં છે. પોતાના બાપની અણસાર જેવાં જ વાકડી મૂછો વાળા ! હવે અળખુંના હાથમાંથી સામૈયાની થાળી પડી જાય છે, ''નખ્ખોદ જજો તમારું રાઠોડો ! તમે મારા માજણ્યા ભાઈ મારી નાખ્યા ! તેણી આક્રંદ વિલાપ કરવા લાગી.....ચાંદોજી કહે છે, 'વેવાણ ! હવે છાની રહીને અમારા કપાળમાં તિલક કર અને અમને ચોખલીયે વધાવ ! અમે તારી ભાભીઓના ખોળામાં તાર જ સગા ભાઈઓના માથાં જોઈતા હતા. તે લઈ આવ્યા, હવે તું અમને હેતથી વધાવ ! બંને વચ્ચે જઘડો આગળ વધે છે એક બાજુ અળખું વેવાણ આંસુ સારે છે અને બીજુ રાઠોડ સામૈયાની 'જક' લઈને ઊભા છે. કોઈએ કોઈને નિર્બળ ગણવા નહીં ! આજે ઘી અને પાણીનું મૂલ્ય થઈ ગયું ! રડતી અને છાતી કૂટતી અળખું વાદળ મહેલમાં આવે છે ને મૂછે તાવ દેતા રાઠોડ ગુજણિયાગઢમાં જાય છે.

## જેદરો ખેંસી :

એક દિવસનો સમાજોગ આવ્યો અને સમાજોગનો મહાજોગ આવ્યો. જાયેરિયાના વાદળમહેલમાં જેદરો ખેંસી ભમ્મર ઢોલિયો ઢાળીને સૂતો છે. તે આમ તેમ રાત કાઢે છે. જેદરાને 'આયરો' (શિકારનો દેવ) સપનામાં આવે છે. 'આયરો' કહે છે ''હે જેદરા ! આપણે

વનમાં રમવા (શિકારે) જવું છે. આપણે થોડું રમી આવીએ હું આયરો પૂરો ખાપરો (ખાઉધરો) થોડું સૂવરનું કાળજું ખાઈ આવીએ ! તુ ઝટપટ બેઠો થા.'' જેદરો સ્વપ્નમાંથી ઝબકીને બેઠો થાય છે સવાર પડતાની સાથે જ માતાપિતાનું નામ લઈ ઈષ્ટદેવનું સ્મરણ કરી ગુજણિયાગઢની સીમમાં આવે છે. ઝેંઝણિયાઝોડમાં આવેલી દીપાવલી નાડીએ આવીને સૂવરનો શિકાર કરે છે. બંદૂકનો ધડાકો સાંભળતાની સાથે જ પાબુ અને ચાંદો બંને સાળા કંઈ દિશામાંથી બંદૂકનો અવાજ આવ્યો છે. તેનાં સગડ મેળવવા ચાંદોજી ખંભે સિંદૂરિયો ભાલો લઈને 'ધરમર ધરમર' વાદળમહેલ ઉતરે છે અને દીપાવલી નાડીએ આવે છે. અંધારી રાતમાં કોઈ દેખાતું નથી. ત્યાં ચાંદાને સૂવર પાસે બેઠેલો જેદરાનું માથું નજરે પડે છે. તે આવેશમાં આવીને પૂછે છે, ''અડધી રાતે દીપાવલી નાડીના કિનારે કોણ બેઠું છે લ્યા ?'' જેદરો ખેંસી સાળા બનેવી એકબીજાને 'રામ રામ' કહેતા મળે છે અને પૂછવા લાગ્યા કે અડધી રાત્રીએ બંદૂકનો અવાજ કોણે કર્યો. ત્યાતો મરેલા સૂવરને દેખતા જ ચાંદોજી લાલચોળ (તાંબડી) જેવો થઈ જાય છે અને કહે છે બનેવી તે અમારો પાળેલો સૂવર માર્યો ! તે ખોટું કામ કર્યુ છે. અને પાછો અમારા પર જ કટાક્ષની ભાષા બોલે છે. ચાંદો રાઠોડ બનેવી પર ખીજાતો પાછો વાદળમહેલમાં આવે છે.

જેદરો ખેંસી સૂવરની ખાલ ઉતારીને તેના ટૂકડા કરી પાબુ અને ચાંદાના ભાગનો સૂવર ગુજણિયાગઢમાં દેવા માટે આવે છે. આવી માર્મીક ભરેલી વાણી ચાંદોજીથી સહન ન થતા તે બોલી ઉઠે છે. ગોલીના પેટના ! જો તને અમારી બેન આપી ન હોત તો તને જીવતો જવા ન દેત રાતે તો તારું મોત નકકી જ હતું. આ સૂવરના કારણે જ તને મારી નાખવાનો હતો. ત્યાંથી સૂવરની માટી લઈને જાયેરિયાના મારગે જવા લાગે છે. રસ્તામાં વિચારે છે કે આજે તો મારી રાણી પણ સૂવરનું માસ ઘણાં સમય પછી ખાશે ! અને ખુશ થશે, જેદરો જાયેરિયામાં રાણી પાસે બેસીને ગુજણિયાગઢમાં શિકાર કરવા ગયાની વાત કરે છે, અને કહે છે કે આ સૂવરના કારણે મારું મોત તો નકકી જ હતું. તરત જ તેમા જેદરાને કહે છે મારો ભાઈ શા માટે તમને મારે 'કૂરકલો' સૂવર તો તેમણે આપણને દહેજમાં આપેલો હતો. હવે રાજા પોતાની રાણીને દહેજમાં બીજું શું–શું આપ્યું હતું. નિદ્રા આવતી નથી તે વિચારે છે, ''કયા સમયે ગુજણિયાગઢ ને ભેળી નાખું અને સાળાઓની છાતીએ ચડીને ઘૂંટ ભરી ભરીને લોહી પીઉં.

જેદરો ખેંસી ચડાઈ કરવાની તૈયારીઓ કરવા લાગ્યો છે. શૂરવીર સરદારો કૂલ્લીવાળી

બંદૂકો ભાલા તલવાર લઈને બહાદુર સરદારો ગુજણિયાગઢમાં ચડાઈ કરાવ તત્પર થયા છે. રાણી જેદરાને કહે છે, ‘‘રાજા ! તમે આ શાનો ધમાકો માંડો છો ? ઘોડા ઉપર શાનો સમાન મંડાયો છે ? જેદરો કહે છે, આજે સાસરીની યાદ આવી છે ! આજે તો ગુજણિયાગઢમાં મહેમાન બનીને જઈએ છીએ. સગા સાળાની સાથે રમીને હમણાં પાછા આવીએ છીએ. રાજા, તમે જો આજે ગુજણિયે જશો તો ઠાલા પડશો ! રાજા, તેમા રાણીને કહે છે જે સાચું હોય તે કહો તો કંઈ સમજ પડે ! ‘‘રાજા, તમે ગુજણિયે ચડાઈ લઈને જશો તો કાંટા વિનાના (કેસૂડા) ના વનમાં જતા હશો એવું લાગશે. પાબુ તો જાન લઈને સોનગરે પરણવા ગયો છે. માટે જેવા તમે ગુજણિયામાં ચડાઈ લઈને જશો કે ગામના ગાંદરે કૂતરાં જ સામે મળશે ! છતાં જેદરો રીસમાં ને રીસમાં તે ‘ધરમર ધરમર’ વાદળમહેલ ઉતરી જાય છે.

જેદરો ખેંસી મૂછે તાવ દેતો ગુજણિયાના ગાંદરે આવે છે. ખેંસીઓ ગુજણિયાથઢની ગાંદરે આવે છે. ખેંસીઓ ગુજણિયાગઢની સીમનાં દેવદેવીઓનું અને ગોત્રના દેવ–દેવીનું સ્મરણ કરીને સારા શુકન જોઈને ગઢમાં પ્રવેશ કરે છે. પ્રવેશદ્વારમાં જ બૂરાજી રાઠોડનો મહેલ આવે છે ખેંસી સરદારો બૂરાજીનો આવાસ ઘેરી લે છે. રોજ માન દઈને બોલાવતાં મારો બનેવી આજે ઓચિંતા કેમ વેરી બનીને પડકાર કરે છે, જેદરાની સેના જોઈને બૂરાજીને ધ્રુજણિયો તાવ ચડે છે, એન વિચાર છે કે ‘‘અત્યારે તો ભારથ(ભારત) ના લડનારા મારા બે ભાઈઓ ચાંદોજી અને પાબુજી ઘેર નથી, અને મારો સગો બનેવી વેરી બનીને આવ્યો છે. કડવાબોલ પણ ભાઈ એ ભાઈ જ છે ! ભાઈ વિના વેરીનો સાથ કોણ ખેસવી શકે ? ભાઈઓ વિના ‘ભારથ’ (ભારત–યુદ્ધ) સૂનું છે. ભયથી ધ્રુજતા બૂરાજી પોતાના બનેવીથી બચવા માટે એક તરકીબ વિચારે છે, અને બૂરાજી કહે છે, ‘‘બનેવી મારા પર ચડાઈ ન કરો તો હું તમને આંકડે મધ બતાવું છું ! તને ચરણોનો ભાગણિયો ગઢ બતાવું છું ‘ત્યાં સાતવી (સાતવીસો) ચારણે ઘોર નિદ્રામાં પડેલા છે અત્યારે તેમને જગાડવા જાઉં એન તમે પાછળ પાછળ આવો. મારા બનેવી ભીમ ચારણની ભાગણિયો ભેળી, રાજી થઈને તમે જાઓ. બૂરાજી રાઠોડની વાત જેદરો ખેંસી જશે છે. અને સાળો બનેવી એક મત થાય છે.

બૂરો રાઠોડ મારગે મારગે ભાગણિયાગઢ તરફ જાય છે. ‘સાતવી’ ચારણોને ઘોર નિદ્રામાં સૂતેલાને બૂરો રાઠોડ લાત મારીને જગાડે છે. ભીમ ચારણ બૂરા રાઠોડને કહે છે,

''સાળાજી, એવું તો કસમયે શું કામ પડયું, ત્યારે બનેવી ભીમ ચારણને કહે છે કે કાળુ ખેંસી ચડાઈ કરી આવ્યો છે તું ઝટઝટ બેઠો થા, બહારથી જેદરો ભીમ ચારણને પડકારે છે, ''હે સગા સાઢુજી ! તું જલદીથી બહાર આવ. બહાર તારો પોતાનો સાઢુ મળવા માટે આતુર છે !'' ભીમ ચારણ કહે છે, ''સાઢુજી, મારે તો ખોળામાં નાના બાળકો રડે છે ! તમારી સાળી દેવોલ ઘોડિયમાં નાના બાળકો મૂકીને છ માસથી રિસામણે ગઈ છે ! ખેંસીઓ બંદૂકનો ભટાકો કરે છે, કટાક્ષ કરે છે. અને ભાગણિયાગઢના દરવાજા તોડવા લાગ્યા છે. સામસામે લડે છે. માથાં કપાવા લાગ્યાં છે, અને ધડ પડવા લાગ્યા છે, ચારણોને વાઢી વાઢીને ઢગલા કરે છે. અફીણના નશમાં ડૂબેલા 'સાતવી' (સાતવીસો) ચારણ રણમેદાનમાં કપાઈ મરે છે. ભાગણિયાગઢમાં લોહીની નદી 'ખળુકવા' લાગી છે. લોહીની નદીમાં સવા સવામણના પથ્થર તણાવા લાગ્યા છે ! જેદરો ખેંસી ભાગણિયો ભેળી જાયેરિયમાં જીત લઈને આવે છે, ખાય છે, પીવે છે અને આનંદ કરે છે.

## દેવોલ :

દિવસ અસ્તાચળે ગયો છે સૂડા સૂવા માટે માળે ગયા છે. રાત પડી છે. દેવોલ રાણી દાસીઓને કહે છે, ''હે સખિયો ઢોલિયો ઢાળો અને ઉપર 'હીરખ તળાઈઓ' પાથરો ! તેના ઉપર કસ્તુરી અને અતરનાં તેલ છાંટો ! દાસીઓ દેવોલ રાણીનાં કહેવા મુજબ ઢોલિયા પાથરે છે. દેવોલ ભમ્મર ઢોલિયા પર સૂતી છે. દાસીઓ વીંજણાથી વાયરો ઢોળે છે. તેને સૂતાંની સાથે નિદ્રા આવે છે. ઝીંણી ઝીંણી 'ઘોર' બોલે છે. અને તે મીઠી નિદ્રા લે છે. 'પાસલી પસારું' રાત થાય છે. અને દેવોલને સપનું આવે છે. ભવાનીદેવી દેવોલ સાથે વાત કરે છે, ''હે બાઈ ! તું તો દિયર, જેઠ વિનાની થઈ ! આજે તારી આખો ભાગણિયો ભેળાઈ ગયો ! તું ઝટઝટ બેઠી થા'' આ સપનું પૂરું થાય છે અને તરત જ તેને બીજું સપનું આવે છે. તેનો ઘરનો રાજા ભીમ ચારણ તેની છાતી માથે સૂતો છે. તેને આવા સ્વપ્નમાં ચોપાટના દાવ રમે છે. ઝબકીને જાગે છે, ફરી ફરીને મહેલમાં જુએ છે. પણ તેને કોઈ નજરે પડતું નથી. તેણી વિચારે છે, ''રિસામણાને આજે છ માસ વિતી ગયા. છતાં કોઈ દિવસ સ્વપ્નમાં નહોતો આવ્યો આજે કેમ આવું થાય છે. દેવોલ આમ વિચારતી ફરી નિદ્રામાં ઘેરાય છે ત્યાં ફરી માઠું સ્વપ્ન આવે છે હે, દેવોલ ! તારે તો પતિ સાથે કાયમનો વિયોગ થયો ભાગણિયા લોહીની નદીયું 'ખળૂકા' મારે છે. દેવલો ઝડપથી બેઠી

થાય છે. ઘઉં દળીને ગોળ લઈ ચૂરમું બનાવે છે અને સોળૈયો શણગાર સજીને, 'ચાલો બાઈઓ આજે મારા ઘરના ભરથારને મળવા જવું છે. છ માસના વિયોગ ભાગીએ. દેવોલ થાળીમાં ચૂરમાં લે છે. અને પોતાના ભરથારને મનાવવા મારગે મારગે આનંદ કરતી વનખંડમાં આવે છે.

ત્યાં જ દેવોલની નજર આકાશમાં જાય છે તે 'રામોલ' સમડીને ડતી જુએ છે, ધારીને જુએ છે, તો સમડીની ચાંચ લોહીથી રંગેલી છે. તેણી સમડીને કહે છે, ''હે સમડી તને આજથી ધરમની બહેન કહુ છું. તું નીચે આવ.'' દેવોલના કહેવાથી સમડી ભમતી ભમતી નીચે આવે છે, ''ગુજણિયામાં કુંવારાં (ભેંસો) વિવાયા છે તેમની મેલો ભરખીને આવી છું. તેથી મારી ચાંચ લાલ થઈ છે ! દેવોલ સમડીને ધોળી કાંચળી પહેરાવે છે. પછી સમડીને પૂછે છે, ''હે સમડી, હવે તો આપણે ધરમની બહેનો થઈ ! હવે તો તું સાચું બોલ.'' સમડી કહે છે, ''ભાગણિયામાં ખેંસીઓનો સાથ ચડી આવ્યો તેથી એક સામટા 'હાતવી' ચારણો કપાઈ મૂઆ ! અત્યારે ભાગણિયામાં લોહીની નદીઓ 'ખળુકા' મારે છે ! આ દેવોલ નિશાસો નાખે છે. તે ચૂરમાની થાળી ફેંકી દે છે. સોળૈયો શણગાર ત્યજી દે છે અને ભાગણિયા ભણી દોડવા લાગે છે. આગળ દેવોલ સાસરિયામાં દિયર જેઠ તેમજ પોતાનાં પતિ ભીમ ચારણનું માથું શોધવા લાગે છે. પણ રેતીના ઢગલામાં દબાયેલં હોવાથી પાઘના ફુમતા પરથી ભીમ ચારણનું માથું શોધી કાઢે છે. અને વિલાપ કરતા કહે છે કે, હવે રડવાથી કંઈ વળવાનું નથી અને ગયેલો આદમી પાછો મળવાનો નથી થનારી વાતો તો થઈને જ રહી. દેવોલ વિચાર કરતી ગુજણિયાની વાટે જાય છે અને તેને મનમાં થાય છે કે આજે 'પાબુજી અને ચાંદોજી' મારા માજણ્યા બે ભાઈ ગુજણિયમાં નથી. પાબુજી સોનગરે પરણવા ગયો છે. મારે ત્યાં સમાચાર પહોંચતા કરવા પડશે. આમ વિચારતા તે ભાઈ બૂરાજી રાઠોડના આંગણે આવીને ઊભી રહે છે. દેવોલ બૂમ પાડીને કહે છે, ''હે બૂરાજી, મારા વીરા ! તું આવી કવેળાએ ઊંઘ કેમ આવી છે ? ખેંસીઓ ભાગણિયામાં ખીજડો વાવીને ચાલ્યા ગયા ! તું મોટેથી સાદ દે, કે જેથી સોનગરે ગયેલા પાબુજી અને ચાંદોજી સાંભળે છે અને આપણી વારી ચડે !'' બુરાજી રાઠોડ કહે છે, ''હે મારી બહેન દેવલી ! મારે તો મોઢામાં કાગલી (કાકડા) થઈ છે. હું તો બોલી પણ શકતો નથી. પછી બૂમ કઈ રીતે પાડી શકું ?'' દેવોલ આવી કવેળાએ બૂરાજીની અવળચંડાઈ જોઈને તેને શાપ આપતા કહે છે, ''બૂરિયા, તું બહેનની ખરી ભીડ વખતે પણ મદદે ન આવ્યો અને આડો ઊતર્યો ! હવે આ

દેવલી શાપ બોલે છે કે તારા મોઢામાં જન્મોજન્મ કાગલી (કાકડા) વધજો, અને તારું નખ્ખોદ જજો !

દેવોલ ભાઈનું ઘર છોડીને મારગે મારગે ઢોલીના ઘેર આવે છે, અને આંગણામાંથી સાદ દે છે, 'ઢોલીને ઢોલ વગાડીને પાબુજી જાન લઈને સોનગરે પરણવા ગયો છે તેમના કાને ઢોલનો અવાજ પહોંચશે અને તેઓ આપણી વારે ચડશે. ઢોલી પણ બહાનું કરે છે. બેનરી મારા હાથમાં ખીલી વાગી છે. હું ઢોલ વગાડી શકું તેમ નથી, ઢોલીની ખોટી વાતથી દેવોલ ક્રોધ ભરાઈને તેને પણ શાપ બોલે છે તારે હાથે જનમોજન્મ ખીલી નીકળજો ! આ દેવલી શાપ છે કે તારું નખ્ખોદ જજો !

ઢોલીના ના કહેવાથી દેવોલ ખૂબ દુઃખી થતી મારગે મારગે દોડતી સોનગરે પહોંચે છે. ભાઈના લગ્નની  તૈયારીઓ છે. નાચણો નાચે છે સામસામે ગીતોની રમઝટ બોલે છે ત્યાંતો ચાંદોજી દૂરથી આવતી બહેનને જુએ છે તે વિચારે છે, ખૂબ જ આગ્રહ કર્યો છતાં બહેન લગ્નમાં ન આવી અને અત્યારે એકલી દોડતી દોડતી લગ્નના ટાળે કાળો સાડલો પહેરીને 'ઝરખુ' નો વેશ કાઢીને વેવાઈના માંડવે કેમ ઢૂકી ? દેવોલ કશું બોલી શકતી નથી, તેની આંખમાંથી શ્રાવણ ભાદરવો વરસે છે. ચાંદોજી આશ્વાસન આપે છે, કે બહેન, એવું તે શું બનીગયું છે કે તું આમ હાંફળી ફાંફળી થઈને આંસુ સારે છે. શાંત થા ! તારા દિલની વાત કર.'' દેવોલ ભાગણિયાના સમાચાર આપે છે. ''ભાઈ તમારા હોવા છતાં જગતમાં ખરાબ કામ થયું. રાતના કવેળાએ ખેંસીઓને ભાગણિયા પર ચડાઈ કરીને ભાગણિયામાં કોઈ આદમી જીવવા દીધો નથી. બધા જ ચારણો કપાઈ મર્યા. તારો બનેવી પણ વીરગતિ પામ્યો છે. ભગણિયામાં તો કાળા કાગડા ઉડે છે.

પાબુજી ચોરીના બે ફેરા પૂરા ફરી રહયો છે. અને ચાંદોજી લગ્નમંડપમાં આવે છે. પાબુને ચોરી વચ્ચે ઊભો રાખે છે અને તેના કાનમાં ભાગણિયો ભેળાયાની વાત અને બનેવી ભીમ ચારણના મૃત્યુના સમાચાર આપે છે. આવા માઠા સમાચાર સાંભળવાની સાથે જ પાબુજી મ્યાનમાંથી કટાર કાઢી છે અને ગઠબંધનનો છેડો કાપે છે. કટારમાંથી તેજ લિસોટો (જળુકો) ઊઠે છે અને કન્યાના પેટમાં દાખલ થાય છે. પાબુજી અને ચાંદોજી લગ્નમંડપમાંથી બહાર આવે છે. ઘોડાની લગામ ઢીલી મૂકે છે અને તેઓ પણ પવન વેગે બંને ભાઈ મારગે મારગે

જાયેરિયાની નજીક આવવા લાગ્યા છે.

ભાગણિયો ભેળીને ખેંસીઓ આંબાજાંબુવે પહોંચ્યા છે. જેદરો ખેંસી સરદારોને કહે છે, ''ભાઈઓ આપણે જીત મેળવીને આવ્યા છીએ ; હવે તો આપણે અમલ કસુંબા કરીએ.'' આમ ગરમી ગરમી વાતો કરે છે, ''ભીલોનું વેર ઊધેંઈ પણ ખાઈ નહીં, કયારેય જૂનું થાય નહીં ! આપણે સવાલાખ ગાયોના ટોળાનું હરણ કરીને, દહેજનું વેર લઈને પાછા આવ્યા છીએ.'' એટલામાં તો પાબુજી અને ચાંદોજી આવી પહોંચે છે અને ખેંસીઓનો રસ્તો રોકે છે, અને ભાગણિયા ભેળાયાની વાતો કાન દઈને સાંભળે છે. જેદરો ખેંસી ચડાઈની વાતો અહંકારથી કરતો હતો. મેં મારા સાઢુંને ઠાર માર્યો ! જેદરાની વાતેથી પાબુજી અને ચાંદોજીનું કાળજે ધ્રાસકો પડે છે. તેઓ ક્રોધથી થરથર ધ્રુજે છે. જેદરાના અહંમ્ ભરેલા વેણ સહન ન થવાથી આવેશમાં આવીને ચાંદોજી જેદરાને પડકારતાં કહે છે, ''એ....ગોલીના પેટના ખેંસી ! હવે તું ચૂપ મર ! એતો ઘેર વાઘ ન હતા એટલે સૂની વાડ ભેળી નાખીને આવ્યો છે ! હવે જોઈલે તું આ ઘણીઓના ખેલ ! ઘણા જ ક્રોધે ભરાયેલા પાબુજી અને ચાંદોજી બે ધારાં ખાંડાં કાઢીને વનખંડમાં 'રમખાં' માંડે છે. બંને ભાઈ ટોળાં ઉપર તૂટી પડે છે. અને બકરાનાં માથાં કાપતા હોય તેમ ખેંસી સરદારોનાં માથાં કાપવા લાગે છે. અમલ દારૂમાં ડૂબેલાં ખેંસીઓ હથિયારો હાથમાં લઈ સામનો કરી શકતા નથી પોતાના સરદારોનાં માથાં રણમાં રખડતાં જોઈને ભય પામેલો જેદરોં ખેંસી રણમાંથી મુઠીએ વાળીને જીવ બચાવવા કરમદીનાં જાડમાં લપાય છે. ચાંદોજી સિંદૂરિયો ભાલો નાખવા જાય છે, પરંતુ પાબુજી તેને રોકતાં કહે છે. બનેવીને મારીશ તો બહેનને રંડાપો આવશે. એને છોડી મૂક તેને જીવી ખાવા દે ! છતા ચાંદાજી કહે છે નાગને મારવો જ ભલો ! તેને બચાવીએ તો કોઈ દિવસ દંશ દે ! પાબુજી ભાઈ બનેવીને મારીએ તો જગતમાં ખોટું કામ થાય. ખેંસી આજીજી કરે છે, પાબુજી જીવનદાન આપે છે. અને કહે છે, કે તારે ભાગણિયા ચડાઈ શા માટે કરવી પડી, અલ્યા માગતો હતો તો મોઢામોઢ માગીને લેવું હતું. હવે, ફરીને આવું વેરનું કામ ન કરીશ ! સાળા બનેવીના સંબંધના કારણે ખેંસીને જીવનદાન મળે છે.

એક દિવસનો 'સમાજોગ' આવ્યો અને 'સમાજોગ' નો 'મહાજોગ' આવ્યો. રાઠોડથી હારેલો જેદરો મનમાં વિચારે છે કે મારા સાળાના કારણે મારે હાર સ્વીકારી મારું લશ્કર અને સરદારોની મારી નાખ્યા, આવા દુઃખના કારણે હવે કંઈક યુકિત તો કરવી જ પડશે ! તે મનમાં

વિચાર કરતો ગુજણિયામાં જઈને સાળા–બનેવીના વેરનું સમાધાન કરી લઈએ, આમ બનેવી સામેથી આવતા 'ચાંદાજી' અને પાબુજી બંને મૌન સંમતિ આપે છે. આથી ઢાગજી, ઢેબાજી, બૂરોજી, શૂરોજી, નેપજી અને કેપજી ભાઈઓને બોલાવીને એકબીજા અરસ પરસ અમલ કસુંબા પીએ છે, ખેંસી ભાગણિયાની વાત માંડે છે. રાઠોડ દારૂના નશામાં ડૂબવા લાગ્યા છે. જેદરો ખેંસી બે ખાનાવાળી બતક (કૂંજો) માં એકમાં દારૂ અને એકમાં ચોખ્ખું પાણી ભરી ગયો હતો. તે મનમાં વિચારે છે આજે ચાંદીયો અને પાબુ ખરા ઘાટમાં આવ્યા છે. તે દિવસ 'રખમા' માં મારા નિર્દોષ ઘોડાંને પણ મૂકયાં નથી ! તે દાંત કચકચાવીને ખાંડાની પકડ મજબૂત કરીને તરત જ વીજળાહણ ખાંડાનો એક એક ઘા બંનેની ગરદન ઉપર કરે છે. બંનેના માથાં ધડથી અલગ થઈને કૂદી કૂદીને દૂર જઈને પડે છે. ક્રોધે ભરાયેલા ખેંસીઓ ગુજણિયાના બધા સરદોરોને પણ મારી નાખે છે. ગર્ભવતી સ્ત્રીઓના પેટ ચીરીને ગર્ભ બહાર કાઢીને લોહી તરસ્યો જેદરો રાઠોડ કુળને નિર્મૂળ કરીને જીત મેળવીને જાયેરિયામાં આવે છે.

પાબુ અને ચાંદો મૃત્યુ પામ્યા બાદ ગુજણિયાગઢમાં અંધારું થઈ ગયું. ગુજણિયામાં કોઈ નર જીવતો રહયો નહીં. નર વિહોણ ગુજણિયાના ગાંદરે બધી સ્ત્રીઓ ભેગી મળી છે, અને પોત પોતાના પતિનાં માથાં ખોળામાં લઈને આંસુ સારે છે. પાબુ અને ચાંદો ગયા બાદ ગુજણિયાગઢ ધણી–ધોરી વિના સુના લાગે છે.

## ઝળરો કુંવર :

સોનગરાનથી પાબુજીની નવવધૂ પોતાના ભરથારનાં કોઈ સમાચાર નથી, તે ગુજણિયાગઢની સીમમાં આવે છે ત્યાં જ તેને સમાચાર મળે છે પાબુજી વીરગતિ પામ્યાં છે તે ખૂબ જ કલ્પાત કરે છે અને સતી થવા પોતાના પતિનું મસ્તક ખોળામાં લે છે, ત્યાં દેવોલ દોડતી આવે છે, અને કહે છે 'હ' સતી થનારી સ્ત્રીઓ તમારા પેટમાં કોઈ એક ખૂણે કોઈ એકાદ બીજ પડેલું હોય તો સાથે લઈને બળશો નહીં.'' દેવોલની વાત સાંભળીને નવવધુ ને ધ્રાસકો પડે છે. તેને તરત જ પેટની વાત જાહેર કરતાં કહે છે, હે નણંદ ! તે જે દિવસે માઠા સમાચાર આપેલ અને ચોરીમાં ફેરા ફરતાં ફરતાં જ કટાર મ્યાનમાંથી કાઢીને તમારા ભાઈએ અમારા ગઠબંધનનો છેડો કાપ્યો તે વેળાએ કટારમાંથી જે તેજલીસોટો ક (જળુકો) ઊઠયો હતો, તે મારાં પેટમાં ઉતરી ગયો હતો તેનો ગર્ભ મારા પેટમાં રહયો છે. હવે તમે આ ગર્ભનો સ્વીકાર કરો.'' આમ

કહીને નવવધૂ છ સાત માસનો ગર્ભ દેવોલના હાથમાં સોંપે છે. અને પોતે પાબુજીનું માથું પોતાના ખોળામાં લે છે. સ્ત્રીઓ ભેગી થઈને આગ ચાંપે છે જવાળાઓ પ્રજાળે છે, અને સોનગરાની કન્યા પાબુજી ભેગી લળીને સતી થાય છે. તેણીની સાથે સાથે બીજી રાઠોડ સ્ત્રીઓ પણ સતી થાય છે.

દેવોલ પોતાના પતિ પાછળ સતી થઈ શકી નથી. તે પોતાના સાળુ છેડામાં ગર્ભને સંતાડીને વાદળમહેલમાં આવે છે. તેણી સોનાનું પારણું બાંધે છે, અને રૂના પોલમાં બાળકને પારણામાં મુકે છે. હવે સોના રૂપાનાં હીરની દોરીએ દેવોલ રાઠોડ કુળના વંશને રાતદિવસ વાદળમહેલમાં મોટો કરે છે. ધન્ય ઘડી ધન્ય વાર ! સોનાના કિરણોવાળો સૂરજ ઊગ્યો છે. દેવોલ ફોઈ જબરાકુંવરને મોટો થતાં જોઈને સાસરી અને પિયરનું દુઃખ ભૂલી જાય છે. જળરો સમજણો થાય છે અને શેરીબજારે રમતો થાય છે.

એક દિવસનો 'સમાજોગ' આવ્યો અને 'સમાજોગ' નો 'મહાજોગ' આવ્યો. જળરોકુંવર માણેકચોકમાં ગામનાં છોકરાં ગેડી દડો રમે છે. તે જોઈને રમત રમવામાં રસ પડે છે, અને દેવોલ પાસે ગેડીદડો લાવી દેવાની હઠ લે છે. મા, તું મને સોનાની ગેડી અને રૂપાના દડો ઘડાવી આપ. મને ગેડીદડે રમવાની ઈચ્છા થઈ છે.''રાજહઠ અને બાળહઠ, કુંવર માનતો નથી દેવોલ સોનીના ઘેર જઈને સોનાની ગેડી અને રૂપાનો દડો ઘડાવી આવે છે.

જળરોકુંવર 'અજજર' રાત કાઢે છે. તે મનમાં વિચારે છે કે ''કયારે સવાર થાય અને હું 'કુરિયાં ખેત' માં રમત માંડું (સવાર) પીળિયા પ્રભાત થતાની સાથે 'હીરાકનિયું' ધોતિયું પહેરે છે અને માથે રાઠોડી પાઘ મૂકે છે. પગે સોનાની ચાખડિયો પહેરી અને હાથમાં ગેડીદડોની રમત રમવા માટે છોકરાંનો સાથ મેળવે છે. છોકરાં જળરાને છે.'' એક બાજુ અમે બધાં છોકરાં રહીએ અને બીજી બાજુ તું એકલો છે તો એકલો રહે. ગેડીદડાની રમત જામી છે, જોર કરીને દડોને ગેડીઓ ફરટકારે છે, કેટલાંક છોકરાંને હાથમાં વાગે છે તેઓ દુઃખના કારણે બૂમો પાડે છે, અને ઘર તરફ દોડતાં મહેણાં મારે છે, ''કે તું એકલ પેટિયા ! તું એકલો છે તે એકલો રમ ! એકલ મૂડિયા ! તે અમારા હાથ અને પગ ભાગી નાખ્યા ! બીજા દિવસની સવાર પડતા કાલે વાગેલું બધાં છોકરા ભૂલી જાય છે અને ફરી ગેડીદડાની રમત રમવાની શરૂ થાય છે.

હવે રોજ રોજ ગેડીદડો રમવાની રમત રમાય છે. જળરોકુંવર ગેડીદડાના દાવ આપે છે.

હવે તે વિચારે છે, ‘‘બધા અને દડાની પાછળ પાછળ દોડાવે રાખે છે પણ આજે જુઓ આ મરદના ખેલ ! જળરોકુંવર દાંત કચકચાવીને જોરથી દડાને ફટકારે છે. જેથી દડો જીલવા ઊભાં રહેલાં છોકરાના હાથપગ તોડીને આગળ નીકળી જાય છે, અને છાણાં વીણવા આવેલી એક વિધવા ડોશીનાં ગોઠવેલા ટોપલાં ઉપર પડતા બધાં છાણાં વેરાઈ જાય છે. ગોઠવેલા છાણાં વેરાઈ જતાં ડોશી વિફરે છે, અને જળરાકુંવર પર મહેણાની જડી વરસાવે છે, ‘‘વણબાપા ! વણકાકા ! વણકુટુંબના ! જાતભાત વિનાના ! તારું નખ્ખોદ જાય ! તે મારાં છાણાં શા માટે વેરી નાખ્યા ? તારા બાપ કે કાકાને મેં નહોતા માર્યા લ્યા નખોદિયા ! એવો શૂરો હોય તો જાને જાયેરિયામા તારા બાપના વેરી, તારી ફોઈ તેમાના ઘણી જેદરા ખેંસીને મારવા ! અને આવેશમાં આવેલી ડોશી જેદરાને આગળ સંભળાવે છે. મૂઆ, જેદરાએ પણ ગજબ કર્યા ! ભાગણિયોના ગર્ભ પણ નથી મેલ્યા ! ભૂંડાએ ગુજણિયામાં તો આકડા વાવ્યા ! મૂઆ ! તું પણ જયાં અને ત્યાં દડા જીંકીને આ ‘રાડીરાંડ’ આગળ શું જોર કાઢે છે ? જા, જાયેરિયામાં, તારા બાપના વેરીને વાવીને આવે તો હું તને વીર ગણું !

ડોશીની વાત સાંભળીને જળરોકુંવર વાદળમહેલમાં આવે છે. અને ધ્રુસકે ધ્રુસકે રડી પડે છે. દેવોલ રડવાનું કારણ પૂછે છે. જળરોકુંવર પોતાના બાપ–કાકાની યાદ આવે છે. અને આપણે બંને એકલા કેમ છીએ. પોતાના કુટુંબની વાત જાણવા કુંવર તત્પર થાય છે. દેવોલ વર્ષોથી હૃદયમાં ભંડારેલી વેરની વાત કરે છે અને કહે છે, કે તારી ફોઈ તેમાંએ તેના પતિ જેદરા ખેંસીને દહેજ વિશે સાચી ખોટી વાત કરીને કાનભંભેરણીના કારણે રીસે ભરાયેલો જેંદરો ભાગણિયા ઉપર ચડાઈ કરીને ભીમ ચારણને તથા ભાગણિયા ગામ ભેળીને સવાલાખ ગાયોને હરીને ચાલતો થયો. તેના સમાચાર તારા બાપુ સોનગરે પરણવા ગયા હતા ત્યાં જઈને મેં જાણ કરી. જેદરાએ તારા બાપુ અને કાકા ને દારૂ પીવડાવીને નશામાં ડૂલ કરીને છેતરીને મારી નાખ્યા. વાત સાંભળીને જળરોકુંવર શાંત બેસતો નથી. દેવોલ આશ્વાસન આપે છે. ‘‘દીકરા મારા, તું ધીરજ રાખ. ઊતાવળ કરીશ નહી. હજી તો તું ઘણો નાનો છે. હું તને બાપુની રાજકચેરી બતાવું તારા કાકા–ભાઈઓના વાદળમહેલ બતાવું.

દેવોલ ગઢની કૂંચીઓ જળરાકુંવરને આપે છે. કુંવર પોતાના મ્યાનમાંથી કટાર કાઢીને પોતાની ટચલી આંગળી વાઢીને લોહીના છાંટા તાળા ઉપર નાખી ગઢમાં પ્રવેશે છે. દેવલ ફોઈ

કુંવરને પાબુજીની રાજકચેરીમાં લઈ જાય છે. કુંવર આ તારા બાપુજીની રાજકચેરી છે. જબરો જુએ છે તો લીલીપીળી જાજમો પાથરેલી છે ઉપર કસ્તુરીના ભભકા ઊડે છે, અને જાતજાતનાં અતરોની મીઠી સુંગધ આવે છે. પણ જબરો પોતાની ફોઈને પૂછે છે કે જાજમો પર બેસનારા મારા કાકા ભાઈઓ કયાં ગયા છે ? દેવોલ કુંવરને પોતાના બાપુની યાદ આવતા આશ્વાસન આપે છે. દીકરા, તું હજી આગળ ચાલ અને ફરી ફરીને તારા બાપુ અને કાકાની સમૃદ્ધિ બતાવું તો જો તો ખરો ?

જળરોકુંવર બાપા–કાકાની રાજગાદી ભાલા–તલવાર, સિંદૂરરિયો ભાલા હાથે ધરનાર કાકા ચાંદોજી કેશર 'કારમી' ઘોડી રાજવૈભવ આ બધું જોઈને હું કેમ મન વાળુ માર બાપુ અને કાકા–ભાઈઓની કેવી ગત થઈ ? તે ક્રોધના આવેશમાં આવીને દાંત કચડીને મરું કે ઊંધો પડીને મરું ! ખૂબ જ આક્રંદ કરે છે એને મનમાં થાય છે કે મારા પગ આ ગઢમાં શોભતા નથી. દેવોલને કહે છે, ફોઈ આજ`જ ગુજણિયા ગાંદરે જોગીઓએ ડેરા તાણ્યા છે. હું હવે અહીં રહેવા માટે શકિતમાન નથી. હું તો જોગીઓની સાથે જઈશ.

ગુજણિયાના ગાંદરે પડાવ નાખીને બેઠેલા જોગીઓની સાથે જળરો કુંવર જોગીઓની સંમતિ લઈ ગુજણિયાગઢ છોડીને જોગીયાઓ સાથે જાય છે. એક દિવસનો 'સમાજોગ' અને 'સમાજોગ' નો 'મહાજોગ' આવ્યો જાયેરિયાના ગાંદરે એક તંબૂમાં રૂપરૂપના ઢગલા જેવો જોગી નજરે પડે છે. જાયેરિયાની સ્ત્રીઓ ચિત્ર–વિચિત્ર વાતો કરે છે. તેઓ પાણી ભરીને દાસીઓ 'ધરમર ધરમર' વાદળમહેલ ચડે છે. જેવી તેમાં રાણીની નજીક આવે છે કે તરત જ રાણી દાસીઓને કમરમાં વાનરપૂંછો તાજણો (ચાબુક) ફટકારવા લાગી આટલું મોડું કેમ કર્યુ. રાણીબાને દાસીઓ ફૂટડા જોગી વિશે વાત કરે છે.

દાસીઓની વાતો સાંભળીને તેમા રાણીનું મન જાલ્યું રહેતું નથી. તેણી દાસીઓના ભરેલાં બેડાં ઠાલાં કરીને, સોળૈયો શણગાર સજે છે. તેમાં રાણી માથે સાનાનાં બેડા મૂકીને વાદળમહેલ ઊતરે છે, અને દાસીઓના 'ઝૂલરે' (સમૂહ સાથે) વાવને માથે આવે છે. વાવને માથે ભમતા જોગિયોના ડેરા, ડેરામાં ડેરા પડેલાં છે. તેમાં વાવના માથે સોનાનાં બેડાં માથેથી ઉતારીને નીચે મૂકે છે. અને નજીકના એક તંબૂમાં જૂએ છે તો નાનકડો એક જોગી જમીન પર સૂતેલો છે. બાળજોગીનું મુખ પૂનમના ચંદ્ર (પૂનમિયો સોંદોર) જેવું છે. તેના રૂપને જોઈને સૂરજ

જાંખો થાય છે. તેણી ફૂટડા જોગીને જોતા તરત જ પોતાના મરેલા ભાઈઓ યાદ આવે છે. આંખોમાંથી શ્રાવણ અને ભાદરવો વરસવા લાગે છે. અને વિલાપ કરતી વિચારે છે, ''હું જ ભૂંડી છું ! સાસરીના પક્ષમાં રહીને મેં મારા પિયરનો જોગી નજરે પડયો છે. મેં જગતમાં ખોટું કર્યુ, હવે હું કોને ભાઈ કહીશ. હવે હું મારા ભત્રીજાને દીકરો કહીને કેમ બોલાવું ? તેણી ઊભી ઊભી જળરાકુંવરને મળવા આતુર છે.

અહીં જળરાકુંવરની દૃષ્ટિ તેમા ફોઈ પર પડે છે, જબરોકુંવર મનમાં વિચારે છે કે આજ મારી તેમા ફોઈ હોવી જોઈએ. મારા તે મને જોઈને જૂરે છે, અને આંસુ સારે છે, જબરો દૃષ્ટિ ફેરવી નાખે છે, ક્રોધથી લાલચોળ થઈ જાય છે. આવી કજીયાખોર સ્ત્રી શી કામની ? આને તો મારવી જ ભલી, તેનું ડોકું મરડી નાખું. ક્રોધના કારણે જળરો આવેશમાં આવીને બોલે છે, ''લોહીની પીનારી રાંડ ! મારા બાપુજી અને કાકા આ પૃથ્વીના પ્રધાન હતા ! દેશના દીવા હતા ! ભૂડી દહેજના કારણે જ તે મરાવી નખાવ્યા !'' તેમા કુંવરને આજીજી કરતા કહે છે, ''આ થયેલું બધું ભૂલીને તું મને ખોળે લે, હું તને ખોળે લઉં ! આપણે ફોઈ ભત્રીજો એક થઈને રહીએ. રાઠોડ કુળમાં તું એક જ બીજ રહયું છે ! મારા પક્ષમાં નહીં આવીશ તો તું પણ ખોવાઈ જઈશ ! માટે તું સમજી–વિચારીને મારા ખોળે આવ ! જો આપણે બંને એક થઈશું તો જ તારાં વેર વળશે. મારાથી અળગો રહીશ તો બીજો દાવ ખેલીશ. આમ ઝળરો બધી વાત વિચારી તેમા સાથે સહમત થાય છે. ઝળરો શાંત થઈને ફોઈને પ્રશ્ન કરે છે, ''ફોઈ, મારા બાપુની સગી બહેન થઈને મારા કુટુંબમાં કાળો ખીજડો વાવ્યો ! તને એવી તે કઈ રીસ ચડી હતી કે ગર્ભવતી સ્ત્રીઓના ગર્ભ પણ કઢાવ્યાં ? ''દીકરા, થવાની વાતો થઈ ગઈ અને રહેવાની વાતો રહી ગઈ. હવે ચાલ, આપણા વાદળમહેલમાં આપણા વેરીને તારી આંખે ઘાલું. તેની છાતી ઉપર ચડી જા અને ઘૂંટ ભરી ભરીને લોહી પી ! તારાં આડાં વેર વાળ !'' જળરો વિચારે છે, ''ફૂવો એવો તો કેવો શૂરવીર છે ? તેના જ વાદળમહેલમાં તેની ખબર લઈ આવું !''

ફોઈ અને ભત્રીજો વાવના માથેથી જાયેરિયાગઢના હાટે અને બજારે આવે છે. આ ફૂટડા સરદારને જોવા માટે જાયેરિયાના લોકો ઉમટે છે. રૂપરૂપના અંબાર જેવા સરદારને જોઈને વિચારે છે, ''ઓહ બાપા ! આવો રૂપાળો સરદાર કયાં ધણિયાનું બીજ હશે ! તેના સામે જોવાતું નથી, સૂરજ જેવું તેજ ! ફોઈ અને ભત્રીજો વાદળમહેલમાં આવે છે. ઝળરાકુંવર આવવાની સાથે

જ ભમ્મર ઢોલિયા ઉપર 'હિરખ–તળાઈ' નાખે છે. ઢોલિયા ઉપર કસ્તુરી અને અતરના ભભકા ઊડે છે. તેમા દાસીઓને આદેશ આપે છે, ''બાઈઓ, ઢોલિયા ઉપર ફૂલડાં પાથરો, આજે તો મારા ભાઈનો દીકરો આવ્યો છે ! તાબાકુંડીમાં પાણી લે છે, અને કુંવરને સ્નાન કરાવે છે. ઝળરોકુંવર મલમલ રેશમી કપડા પહેરે છે, તેમા ફોઈ વિચારે છે, ''આજે મારાં આંગણાં કેવા શોભી ઊઠયાં છે ! ઓહ બાપા ! અવળા કરમના કારણે ભૂલી પડી ! હું ભૂંડી ! જગમાં ખોટું કામ કર્યુ ! માજણ્યા ભાઈ તો વેરાઈ ગયા ! પણ મારો ભત્રીજો મારા આંગણે બેઠો છે, અને મારો ઢોલિયો કેવો ફૂટડો લાગે છે !'' તેમાના હૈયામાં મરેલા ભાઈઓ પાબુ અને ચાંદોજી યાદ આવે છે, અને તેમા ભાઈની યાદ કરી રડી પડે છે.

તેમાં ઝળરા અને જેદરાની સરભરાની તૈયારી કરવા લાગી છે. તે જાતે જ કુંભારના ઘરે જઈને બે ખાનાંવાળી બતક (કૂંજો) લઈ આવે છે. રાણી બતક લઈને કલાલ ત્યાં જઈને પહેલી ધારનો તેજ દારૂ એક ખાનામાં ભરી આવે છે. અને પછી બજારમાં જઈને ઝરનો કૂંપો ખરીદે છે. તેમા રાણી બતક, દારૂ અને ઝેર ખરીદીને વાદળમહેલમાં આવે છે. રબારીના ઘેરથી દાસીઓ 'ખટકની નળીઓના સલા' (બકરાનું માંસ) લાવે છે. દાસીઓ તેમાં મરી–મસાલા નાખીને ભોજન તૈયાર કરે છે. ઝળરા અને જેદરાની સરભરાની તૈયારી સંપૂર્ણ રીતે થઈ ગઈ છે.

જાયેરિયામાં જેદરા ખેંસીની કચેરી ભરાઈ છે. લીલી પીળી જાજમો ઉપર મહેતા–મુત્સદી વિરાજયા છે. રૂપાના આસને ખેંસી સરદારો વિરાજયા છે ; સોનાની ગાદીએ જેદરો બેઠો છે. બધા દારૂડા પીએ છે. અને 'મારૂરા' ગાય છે. કચેરીમાં ગરમા ગરમી વાતો ચાલે છે. આવી આનંદની પળોમાં તેમા રાણીને આવેલી જોઈને જેદરો ખેંસી સિંહાસન ઉપરથી ઊભો થઈ જાય છે, રાણી એવાં તે શું કામ પડયાં છે કે તમારે જાતે આવવું પડયું ? રાજદરબારમાં મોટા કામ પડયા છે એટલે તમને બોલાવવા આવી છું જેદરો ખેંસી કચેરી બરખાસ્ત કરીને તેમા રાણી સાથે વાદળમહેલમાં આવે છે.

રાજા, આજે તમે રાજકચેરીઓમાં તમારા કાકા અને ભાઈઓની વચ્ચેથી અલગ કરી લઈ આવી ઘણું દુ:ખ થયું હશે, પણ મને એક નવી વાત યાદ આવી છે. રાજા, માનો તો આ વાત કહું. રાણીનાં સ્નેહભર્યા શબ્દો સાંભળી જેદરો કહે છે, ''રાણી, હું તો બાલ્યાવસ્થાથી જ સ્ત્રીઓની વાત માનતો આવ્યો છું ! તું એ તો કહે આજ સુધી મે તારી કઈ વાત માની નથી ?

રાણી દુ:ખી થતી કહે છે, ''રાજા, આજે તારા કાકાભાઈઓ વચ્ચે આનંદ કરતા તને અહીં મારા પાસે આવવું કેવું વસમું લાગ્યું હશે ! પણ મેં તો યુવાનીમાં જ મારા ભાઈઓને જોયા હતા. ત્યારથી આજ સુધી પિયરનું કુતરું પણ જોયું નથી. રાજા, તને વિચાર આવ્યો ભાઈ વિના ભવ મને કેવો લાગતો હશે. રાજા, તે તો મારા રાઠોડ કુળના તુંબડાનું એક પણ બીજ મૂકયું નહીં પિયર વિનાની મને કેવું થતું હશે ? આ વૃદ્ધાવસ્થા નજીક આવી રહી છે હવે કેમ કરીને મારું મન વાળું બંને પતિ–પત્નિ વાદળમહેલમાં બેઠા બેઠા ગરમા ગરમી વાતો કરે છે.

તેમા રાણીની વાત પરથી પોતાના શૂરવીર સાળા પાબુજી અને ચાંદોજી હૈયામાં આવે છે. જેદરો ખેંસી પોતાના મૂએલા સાળાઓને યાદ કરીને આંસુ સારે છે, અને વિલાપ કરે છે. તરત જ રાણી આશ્વાસન આપતા કહે છે, ''રાજા, હવે તું સાળાની યાદમાં રડવાનું બંધ કરી દે. આજે લગ્ન જેવી આનંદની ઘડી આવી છે. ઘણાં વર્ષે આજે પાબુનો દીકરો નજરે પડયો છે. એ જ પાબુ જેવું જ તેનું દેહ–શૈષ્ટવ તેનું નામ ઝળરોકુંવર છે. અને તેને હું આપણા વાદળમહેલમાં લઈ આવી છું. તરત જ રાજા તેને મળવા આતુર થાય છે. રાણી રાજાને કહે છે તે તને મળવા માટે અહીં સુધી આવી પહોંચ્યો છે.

રાણી ઝળરાકુંવર અને જેદરા ખેંસીને બંનેને સારી રીતે સમજાવી એકબીજાને મેળાપ કરાવે છે, તેમાં ફોઈ ઝળરાકુંવરને કહે છે. દીકરા તું મોકો જોઈને ઘા કરજે. ઉતાવળ ન કરીશ. જેદરો ખેંસી કુંવરની સામેના ઢોલિયા ઉપર વિરાજે છે. વચ્ચે તેમાં રાણી બેસે છે. બે ખાનાવાળી બતક મંગાવે છે. એક ખાનામાં તો પહેલી ધારનો તેજ દારૂ ભર્યો છે, અને બીજા ખાનામાં પાણી ભર્યુ છે. દારૂની અને પાણીની એક એક સાખ બંનેને આપે છે. હવે ફુવો અને ભત્રીજો બંને વાતોએ ચડે છે. ઝળરોકુંવર વાત કરે છે. અને જેદરો ખેંસી સાંભળે છે ઝળરો કહે છે, ''ફુવા, હવે મારે તો આ સંસારમાં કોઈ રહયું નથી ! દુ:ખનો માર્યો તમારાં આંગણે આવ્યો છું. મારા આવવાથી તમે કોઈ ક્રોધ કરશો નહીં. મારા કાકા બાપુની વાત તો તેમની સાથે ગઈ. તમારી વાતો તમારી સાથે રહી. હું તો હવે તમારી સાથે રહીશ. પણ ગુજણિયાના લોકો કહેતા કે, ખેંસીઓએ તો ગજબ કરી નાખ્યો હતો, રાઠોડની ગર્ભવતી સ્ત્રીઓને પણ ન હોતી છોડી. પણ ફુઆ હું તો લોકોની વાતમાં માનતો જ નથી.

હવે ઝળબરોકુંવર જેદરા ખેંસીનું પેટ લે છે. અને પૂછે છે, ફુઆ તમારે અને મારા

બાપુને શાનો કજીયો લાગ્યો હતો ? રાણી બતકના એક ખાનામાંથી દારૂની બે 'સાખો' કાઢીને જેદરાને પાય છે, અને બીજા ખાનામાંથી પાણીની બે 'સાખો' ઝળરાકુંવરને થાય છે. જળરોકુંવર હવે ફુઆની વાત સાંભળે છે. જેદરો દારૂનાં નશામાં હૃદયમાં ભંડારેલી વાતોને દોર આપે છે અને કહે છે સાંભળ, દિકરાં, તને અમારા ઝઘડાનું કારણ કહું તારા બાપદાદાઓએ સૂવરના કારણે મારા સગા બાપ કાળુ ખેંસીને મારી નાખ્યો હતો. પાછળથી પણ તારા બાપુ અને મારા વચ્ચે સૂવરના કારણે જ ઝઘડો લાગ્યો. જળરો ફુઆને પૂછે છે કે ઝઘડો લાગ્યો વાત સાચી પણ તે જંગલી હતો કે કોઈનો પાળેલો હતો ? દીકરા, એ સૂવર તો રાઠોડોએ પાળેલો હતો. તે રોજ રાતે ઝેંઝણિયાઝોડમાં બાજરી ખાવા આવતો હતો અને દીપાવલી નાડીએ પાણી પીતો હતો. કાળ ભાગવા માટે મારો બાપુ જ ગુજણિયામાં આવ્યો હતો તે દિવસથી પાળેલા સૂવરને ઓળખતો હતો. છતાં રાતના સમયે આવીને તેણે આ પાળેલા સૂવરને માર્યો. પછી તો રાઠોડો અને મારા બાપુ વચ્ચે ઝઘડો વધી પડયો અને મારા બાપુને રાઠોડોએ ઠાર માર્યો, ત્યાર પછી તારા બાપુ (પાબુ) ના વખતમાં ખેંસીઓ અને રાઠોડ વચ્ચે મેળ થયો. હું તારી ફોઈ પરણ્યો. પણ પરણ્યા પછી પાછો સૂવરના કારણે જઘડો લાગ્યો. પણ આ બધી વાત જવાદે હવે સમય આવ્યો છે. રૂડો અવસર આવ્યો છે. આજે આપણે એક જ ઢોલિયે બેઠા છીએ. ચાલા મારા દીકરા તને સોનાના સિંહાસને બેસાડું.

આમ ઝળરોકુંવર જેદરા ખેંસીનું પેટ લઈ, તમામા વેરનું રહસ્ય તેમા ફોઈની મદદથી જાણીને મૂએલા બાપ–દાદાનું અને રાઠોડનું વેર લેવા ઝળરો વધુ ને વધુ આવેશમાં આવે છે અને ક્રોધમાં આવીને ઝળરોકુંવર ફુઆને કહે છે ફુઆ ! જો તારા મનમાં તારા બાપનું વેર જાગતું જ હતુ તો તારે મારી ફોઈને પરણવી જોઈતી ન હતી, અને ફોઈ પરણ્યો તો ભલે પરણ્યો પણ તારે અમારા રાઠોડનો પાળેલો સૂવર મારવો જોઈતો ન હતો. તે મારા બાપુ–કાકા અને રાઠોડોને મારીને ગુજણિયામાં કાડો ખીજડો વાવવો જોઈતો ન હતો ! એ....ફુઆ હવે તું કાન દઈને સાંભળ ! મને તારો કાળ સમજ કે વેરી સમજ. આજે હું તારી છાતીએ ચડીને લોહી પીવા આવ્યો છું. તે મારા બાપુ કાકા ભાઈઓને માર્યા તો ભલે માર્યા પણ નિર્દોષ એવા મારા ફુઆ ભીમ ચારણને મારવાનું કાવતરૂ શું કામ કર્યુ.

હવે ભત્રીજો ફુઆ સામે વીજળાહણ ખાડું હાથમાં લઈને જેદરાની નજીક આવી જાય છે.

જેદરો દારૂના નશામાં ડૂલ થયેલો છે, તે જેવો ભાગવા જાય છે. ત્યાં જ જેદરાની ગરદન ઉપર વીજળાહણ ખાંડું ઝીકે છે, જેદરાની ગળાની અડધી નસો કપાઈ જાય છે. જેદરો આમ તેમ નાસવા મથે છે, જળરોકુંવર ક્રોધથી લાલ અંગારા જેવો થઈ જાય છે. તેં ઝળરાના ઘાટમાંથી છટકી શકતો નથી. તેને એક જ લાતથી જમીન ઉપર પાડી દે છે, અને ખાંડાના એક જ જાટકે જેદરાનું મસ્તક ઊડીને કૂંદતું કૂદતું દૂર પડે છે. ક્રોધથી ગાંડો થયેલો ઝળરોકુંવર જેદરાની છાતી ઉપર ચડી જાય છે. કટારથી તેની છાતી ચીરીને ઘૂંટે ઘૂંટે લોહી રંગી મૂછે તાવ દે છે, અને ઓડકાર લે છે. રાઠોડ કહેવાયા ધરતીના સ્તંભ ! રાઠોડ કહેવાયા દેશના દીવા !

અહીં અંતમાં તેમા કહે છે, ‘‘ચૂડો ઊતરી ગયો ! પણ માજણ્યા ભાઈઓનું વેર વળ્યું અને આજે મારું મન વળ્યું. મારે કલેજે ઠંડક થઈ.

સાધુ કહે છે, ‘‘જુઓ સ્ત્રીઓના ખેલ....! સ્ત્રીએ ખેદાન મેદાન કરાવ્યું તેનુ બુરુ થજો પણ આ વાતમાં હોકારો દેનાર તું ક્ષેમકુશળ રહેજે કરોડ દીવાળી સુધી રાજ કરજે ! યુગ તો વહી ગયા પણ રાઠોડની વારતા રહી ગઈ !

# સંદર્ભ સૂચી


| | | |
|---|---|---|
| ૧. | રાઠોર વારતા : સં. ડો. ભગવાનદાસ પટેલ | પૃ.૬,૧૯,૨૧,૬૩,૬૫ |
| ૨. | વનસ્વર : ડો. બળવંત જાની | પૃ.૧૬૨,૧૬૬,૧૬૮ |
| ૩. | આદિજાતિ લોકમહાકાવ્યો : ડો. ભગવાનદાસ પટેલ | પૃ.૨૫૩ થી ૩૩૪ (કથાસાર) |
| ૪. | લોકગુર્જરી, અંક ૧૮, ૧૯ : સંપા. બળવંત જાની | પૃ.૧૮,૧૯ |